بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ



**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્જુકની ફહ્મા.** رَبِّ زِدْنِي عِلْمًا وَارْزُقْنِي فَهْمًا

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વઘાર અને મને સમજદારીની રોજી અતા કર.**





સરપરસ્ત
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મર્હૂ.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મર્હૂ.)

અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામાયિક

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

૧૦, સપ્ટેમ્બર–૨૦૧૩, અંક–૧

Website : www.jafariaawaz.com ® email : jafariaawaz@gmail.com

**સંપાદક મંડળ**

તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫ ૪૧૪૩૨
સહતંત્રી : 'માસુમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩
સહયોગી : મોલ્વી ખાદિમહુસૈન પટેલ (મોલીપુર)
મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)
મોલ્વી અબ્બાસઅલી સલેમા (હરિપુરા)
લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા - ૯૯૨૫૭૩૦૧૦૭

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬
સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૩૮
અનવરઅલી મનિયા

**કાર્યાલયનું સરનામું**

'જાફરી આવાઝ' (માસિક)
મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨–૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | ૩ |
| કુરઆન શિક્ષણ | ૮ |
| અહાદીસ | ૧૧ |
| ગડમથલ | ૧૦ |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | ૧૩ |
| ૧૩મી રજબ : મોઅજિઝાનો દિવસ | ૧૬ |
| નહજુલ અસરાર | ૧૭ |
| મશાયખવાણી | ૧૯ |
| અલ ઈર્શાદ | ૨૧ |
| ખુત્બો : ઈલ્મ હાસિલ કરવું | ૨૫ |
| નન્હે રોઝેદાર | ૩૦ |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૧ |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૩૩ |
| શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૩૫ |
| બ્લોગ | ૩૭ |
| મીર અનીસના મરસિયા | ૩૯ |
| જ્ઞાનગોષ્ઠિ | ૪૨ |
| આપણા ઘરની વાતો | ૪૫ |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૪૯ |
| જાફરી પંચાંગ | ૫૩ |


## ઊઘડતે પાને...

યમનનો એક બાદશાહ.

ઝૂનવાસ એનું નામ.

ઝૂનવાસે નજરાનના ઈસાઈઓને કે જેઓ આ સરઝમીનની નજીક વસેલા હતા તેમને એટલા માટે ખૂબ તંગ કરી દીધા હતા કે તેઓ પોતાનો ઈસાઈ ધર્મ છોડી દે. આ મહાન અપરાધ પછી તેમનામાંથી 'દોસ' નામનો એક માણસ પોતાનો જીવ બચાવીને નીકળી ગયો અને તે કૈસરે રૂમની પાસે પહોંચી ગયો કે જે ઈસા મસીહના દીન ઉપર હતો. દોસે કૈસરે રૂમની આગળ આખોય પ્રસંગ કહી સંભળાવ્યો.

રૂમ અને યમનની વચ્ચે ખાસ્સું અંતર હતું તેથી તેણે હબશના બાદશાહ નજ્જાશીને પત્ર લખ્યો કે

તે ઝૂનવાસથી નજરાનના નસારાઓનો બદલો લે. અને તેણે એ પત્રને એ જ માણસને આપીને નજ્જાશીની પાસે રવાના કર્યો.

નજ્જાશીએ એક મોટું લશ્કર કે જે સિત્તેર હજાર કરતાંય વધારે માણસોનું બનેલું હતું, તેને 'અર્યાત' નામના માણસના તાબા હેઠળ યમનની તરફ રવાના કર્યું. 'અબ્રહા' પણ આ લશ્કરના અફસરોમાંથી એક અફસર હતો.

ઝૂનવાસનો પરાજય થયો અને અર્યાત યમનનો હાકિમ થઈ ગયો. થોડા સમય પછી અબ્રહાએ અર્યાતની વિરૂધ્ધ બગાવત કરી દીધી અને તેનો ખાતમો બોલાવી દીધો, પછી તેની જગ્યા પર બેસી ગયો.

આ પ્રસંગના સમાચાર નજ્જાશીને મળ્યા તો તેણે અબ્રહાને કચડી નાખવાનો પાકકો ઈરાદો કરી લીધો. અબ્રહાએ પોતાના છુટકારા માટે પોતાના માથાના વાળ મુંડાવીને તેમજ યમનની થોડીક માટી સાથે સંપૂર્ણ શરણાગતી સ્વરૂપે નજ્જાશીની પાસે મોકલી દીધા અને વફાદારીનું એલાન કરી દીધું.

નજ્જાશીએ જ્યારે આ જોયું તો તેણે અબ્રહાને માફ કરી દીધો અને તેને તેના હોદ્દા ઉપર ચાલુ રાખ્યો.

આ પ્રસંગે અબ્રહાએ પોતાની ગુલામીને સાબિત કરવા માટે એક મહત્વપૂર્ણ અને સુંદર ગિરજાઘર નિર્માણ કરાવરાવ્યું કે જેની એ જમાનામાં જમીનની સપાટી પર કોઈ જોડ ન હતી. ત્યાર પછી તેણે અરબદ્વીપના લોકોને ખાના–એ–કા'બાને બદલે તે ગિરજાઘર તરફ દાવત આપવાનો દ્રઢ સંકલ્પ કર્યો. અને એવો પાકકો ઈરાદો કરી લીધો કે તે જગ્યાને અરબ લોકોની હજનું મર્કઝ બનાવીને મકકાની કેન્દ્રિયતાને તે જગ્યાએ બદલી નાખે.

આ મકસદને પૂરો કરવા માટે તેણે બધી બાજુએ અરબના કબીલાઓમાં અને હિજાઝની સરઝમીનમાં પોતાના ઘણા પ્રચારકો મોકલ્યા. અરબો કે જેઓ મકકા અને કા'બા સાથે અત્યંત લગાવ ધરાવતા હતા અને તેને ઈબ્રાહીમ ખલીલુલ્લાહની નિશાનીઓ – અવશેષોમાંથી ગણતા હતા, તેમને આનાથી ખતરો મહેસૂસ થયો.

કેટલીક રિવાયતો પ્રમાણે લોકોના એક ટોળાએ ત્યાં જઈને છૂપી રીતે આ ગિરજાઘરને આગ લગાડી દીધી. અને બીજી રિવાયત પ્રમાણે કેટલાકે તેને છૂપી રીતે ગંદુ અને દુષિત કરી દીધું. આ રીતે તેમણે એ મહાન દાવતના મુકાબલામાં અત્યંત પ્રતિક્રિયા દર્શાવી અને અબ્રહાના ઈબાદતખાનાને અવિશ્વાસપાત્ર અને તુચ્છ બનાવી દીધું.

દેખીતી વાત છે કે આનાથી અબ્રહાને ખૂબ ગુસ્સો ચડ્યો અને તેણે ખાના–એ–કા'બાને સંપૂર્ણ રીતે વેરાન કરી નાખવાનો પાકો ઈરાદો કરી લીધો. તેના મનમાં એમ હતું કે આવી રીતે તે બદલો પણ લઈ લેશે અને અરબોનું ધ્યાન નવી ઈબાદતગાહ તરફ આકર્ષિત કરી દેશે. તેથી તે ખૂબ જ મોટા લશ્કરની સાથે મકકા તરફ રવાના થયો કે જેમાં કેટલાક લોકો હાથીઓ ઉપર સવાર થયેલા હતા.

જ્યારે તે મકકાની નજીક પહોંચ્યો તો તેણે થોડાક લોકોને મકકાવાળાઓના ઊંટ અને બીજો માલસામાન લૂંટવા માટે મોકલ્યા. એમાંથી બસ્સો ઊંટ અબ્દુલ મુત્તલિબના પણ લૂંટી લીધા.

અબ્રહાએ એક માણસને મકકાની અંદર મોકલ્યો અને તેને કહ્યું કે મકકાના રઈસની તલાશ કરો અને તેને કહો કે યમનનો બાદશાહ અબ્રહા કહે

છે કે,

"હું જંગ કરવા માટે નથી આવ્યો. હું તો માત્ર એટલા માટે આવ્યો છું કે ખાના–એ–કા'બાને વેરાન કરી નાખું. જો તમે જંગ નહીં કરો તો મારે તમારું ખૂન વહાવવાની કોઈ જરૂર નથી."

અબ્રહાનો કાસિદ મક્કામાં દાખલ થયો. અને મક્કાના રઈસ અને શરીફ કોણ છે તે બાબતે લોકોને પૂછવા લાગ્યો. બધાએ અબ્દુલ મુત્તલિબ તરફ તેનું માર્ગદર્શન કર્યું.

તેણે અબ્દુલ મુત્તલિબની સામે માજરો બધો બયાન કર્યો. અબ્દુલ મુત્તલિબે પણ એવો જ જવાબ આપ્યો,

"અમારામાં તમારી સામે જંગ કરવાની તાકાત નથી. બાકી રહ્યું ખાના–એ–કા'બા, તો ખુદા પોતે જ તેની હિફાઝત કરશે."

અબ્રહાના કાસિદે અબ્દુલ મુત્તલિબને કહ્યું,

"તમારે મારી સાથે તેની પાસે આવવું પડશે."

## સૂરએ ફીલ سُوْرَةُ الْفِيْلِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

પુષ્કળ રહમતવાળા અને સતત રહેમ કરનારા અલ્લાહના નામ વડે.

اَلَمْ تَرَ كَيْفَ فَعَلَ رَبُّكَ بِاَصْحٰبِ الْفِيْلِ ﴿١﴾

(૧) શું તેં ન જોયું કે કેવી રીતે કર્યું તારા પાલનહારે હાથીના લોકો સાથે ?

اَلَمْ يَجْعَلْ كَيْدَهُمْ فِيْ تَضْلِيْلٍ ﴿٢﴾

(૨) શું તેણે ન બનાવી દીધી તેમની યોજનાને નિષ્ફળ ?

وَّ اَرْسَلَ عَلَيْهِمْ طَيْرًا اَبَابِيْلَ ﴿٣﴾

(૩) અને તેણે મોકલ્યા તેમના ઉપર અબાબીલ પક્ષીઓ.

تَرْمِيْهِمْ بِحِجَارَةٍ مِّنْ سِجِّيْلٍ ﴿٤﴾

(૪) તેઓ તેમને મારતા હતા પાકેલી માટીના કાંકરા વડે.

فَجَعَلَهُمْ كَعَصْفٍ مَّاْكُوْلٍ ﴿٥﴾

(૫) તો તેણે બનાવી દીધા તેમને જાણે કે ચવાયેલું ઘાસ.

જ્યારે અબ્દુલ મુત્તલિબ તેના દરબારમાં દાખલ થયા તો આપનું બુલંદ કદ, સુંદર ચહેરો અને હદથી વધારે રોબ અને દબદબો જોઈને ખૂબ જ પ્રભાવિત થઈ ગયો એટલે સુધી કે અબ્રહા તેમના સન્માનમાં પોતાની જગ્યાએથી ઊભો થઈ ગયો અને જમીન ઉપર બેસી ગયો અને અબ્દુલ મુત્તલિબને પોતાની પાસે બેસાડી દીધા, કેમકે તે ઈચ્છતો નહોતો કે તેમને પોતાની સાથે તખ્ત પર બેસાડે.

ત્યાર પછી આપે પોતાના દુભાષિયાને કહ્યું,

"મારી હાજત એ છે કે મારા બસ્સો ઊંટ તારા લશ્કરના માણસો લૂંટીને લઈ ગયા છે. તું તેમને હુકમ આપ કે તેઓ મારો માલ પાછો આપી દે."

અબ્રહાને આપની આવી માગણી પર સખત નવાઈ લાગી અને તેણે પોતાના દુભાષિયાને કહ્યું,

"તેમને કહો કે જ્યારે મેં તેમને જોયા હતા તો મારા દિલમાં તમારા પ્રત્યે ખૂબ જ વધારે અઝમત પેદા થઈ હતી, પરંતુ જ્યારે તમે આવી વાત કરી તો મારી નજરમાં તમારી પ્રતિષ્ઠા ઘટી ગઈ. તમે તમારા બસ્સો ઊંટના વિષે તો વાત કરો છો, પરંતુ કા'બાના વિષે કે જે તમારો અને તમારા બાપ દાદાઓનો દીન

છે, એને હું વેરાન કરવા માટે આવ્યો છું, તેના વિષે તો તમે બિલકુલ કંઈ વાત જ કરતા નથી.''

અબ્દુલ મુત્તલિબે કહ્યું,

اَنَا رَبُّ الْاَبِلَ، وَاَنَّ الْبَيْتَ رَبًّا سَيَمْنَعُه

*(હું ઊંટોનો માલિક છું અને તે ઘરનો પણ એક માલિક છે, તે તેનું રક્ષણ જાતે જ કરશે.)*

આ શબ્દોએ અબ્રહાને ઝંઝોડી નાખ્યો અને તે વિચારમાં પડી ગયો.

ત્યાર પછી અબ્દુલ મુત્તલિબ મક્કા તરફ આવ્યા અને લોકોને સૂચના આપી કે તેઓ પહાડોમાં આશરો લઈ લે. વળી આપ પોતે પણ એક ટોળાની સાથે ખાના–એ–કા'બાની પાસે આવ્યા કે જેથી દુઆ કરે અને મદદ માગે. આપે ખાન–એ–કા'બાના દરવાજાની સાંકળમાં હાથ પરોવીને પોતાના આ મશહૂર અશ્આર પઢ્યા જેનો અનુવાદ નીચે મુજબ છે :

*''ખુદાયા ! દરેક માણસ પોતાના ઘરની હિફાઝત કરે છે. તું તારા ઘરની હિફાઝત કર. એવું કદી ન થાય કે કોઈ દિવસ તેમનો ક્રોસ (સલીબ) અને તેમની શક્તિ તારી કુદરતો ઉપર વર્ચસ્વ જમાવે. અને તેઓ પોતાના શહેરોની બધી શક્તિઓ અને હાથી સાથે લઈને આવ્યા છે જેથી તારા હરમના રહેનારાઓને બંદીવાન બનાવી દે. ખુદાયા ! દરેક માણસ પોતાના ઘરવાળાઓનો બચાવ કરે છે તું પણ તારા અમનવાળા હરમનું રક્ષણ કર અને આજે એ હરમના રહેવાવાળાઓની આલે સલીબ અને તેની ઈબાદત કરવાવાળાઓની વિરૂધ્ધ મદદ ફરમાવ.''*

ત્યાર પછી અબ્દુલ મુત્તલિબ મક્કાના ફરતાં આવેલ દર્રા (ખીણ)ની તરફ આવ્યા, કુરેશની એક જમાઅતની સાથે ત્યાં પનાહ લીધી અને પોતાના એક બેટાને હુકમ કર્યો કે તે કોહે અબૂ કબીસની ઉપર જઈને જુએ કે શું થઈ રહ્યું છે.

આપનો બેટો ખૂબ ઝડપથી આપની પાસે આવ્યો અને કહેવા લાગ્યો,

''બાબાજાન ! સમંદર (રાતા સમુદ્ર) તરફથી એક કાળું વાદળું આવતું નજરે પડે છે.''

અબ્દુલ મુત્તલિબ ખુશ થઈ ગયા અને પોકારીને કહેવા લાગ્યા,

*'અય કુરેશની જમાઅત ! પોત પોતાના ઘર તરફ પાછા જાઓ કેમકે ખુદાની નુસરત તમારી મદદ માટે આવી રહી છે.''*

આ તો આ તરફની વાત હતી.

બીજી તરફ અબ્રહા પોતાના પ્રખ્યાત હાથી પર સવાર થઈને કે જેનું નામ 'મહમૂદ' હતું, પોતાના મોટા લશ્કરની સાથે કા'બાને બરબાદ કરવા માટે ફરતેની પહાડીઓ ઉપરથી મક્કામાં ઉતર્યો. તે પોતાના હાથી પર ખૂબ દબાણ કરતો હતો, પરંતુ તે આગળ વધતો ન હતો. પરંતુ જ્યારે તે તેનું મોઢું યમનની તરફ કરતો હતો તો તે તરત જ ચાલી નીકળતો હતો. અબ્રહા આ પ્રસંગથી ખૂબ જ અચંબિત થઈ ગયો અને હેરતમાં ડુબી ગયો.

એટલામાં તો સમંદર તરફથી નાનાં નાનાં પક્ષીઓનાં ઝુંડનાં ઝુંડ (ટોળે ટોળાં) આવી પહોંચ્યાં, જેમાંથી દરેકે દરેકની પાસે ત્રણ ત્રણ કાંકરીઓ હતી. એક એક કાંકરી ચાંચમાં અને બબ્બે કાંકરીઓ પંજાઓમાં હતી કે જે લગભગ ચણાના દાણા જેવડી હતી. તેમણે આ કાંકરીઓ અબ્રહાના લશ્કર ઉપર વરસાવવાનું શરૂ કર્યું. આ કાંકરીઓ જે કોઈને વાગતી હતી, તે હલાક થઈ જતો હતો. અને કેટલાકે એવું કહ્યું છે કે આ કાંકરીઓ તેમના શરીર ઉપર

જ્યાં પણ વાગતી હતી ત્યાં કાણું પાડી દેતી હતી અને બીજી તરફ નીકળી જતી હતી.

એ વખતે અબ્રહાના લશ્કર ઉપર એક અજબ પ્રકારનો ભય છવાઈ ગયો. જે જીવતા બચી ગયા તેઓ નાસવા લાગ્યા અને પાછા જવા માટે યમનનો રસ્તો પૂછતા હતા, પરંતુ તેઓ પાનખર ઋતુનાં પાંદડાંની માફક રસ્તાની વચ્ચોવચ સતત પડતા જતા હતા.

એક કાંકરો ખુદ અબ્રહા ઉપર આવીને લાગ્યો અને તે ઘાયલ થઈ ગયો. તેને સનઆ (યમનના પાટનગર) તરફ લઈ ગયા અને તે ત્યાં જઈને હલાક થઈ ગયો.

કેટલાકે કહ્યું છે કે શીતળાની બીમારી પહેલી વખત અરબમાં એ વર્ષે ફેલાઈ હતી.

અબ્રહા પોતાની સાથે જે હાથીઓને લઈ ગયો હતો તેની સંખ્યા કેટલાકે, તે એક જ 'મહમૂદ' હાથી, કેટલાકે આઠ, કેટલાકે દસ અને કેટલાકે બાર લખી છે.


પ્રખ્યાત કોલ પ્રમાણે પયગમ્બરે અકરમ (સ.)ની વિલાદત આ જ વર્ષે થઈ અને આખુંય આલમ આપના નૂર અને જૂદથી મુનવ્વર થઈ ગયું. તેથી જ તો ઘણા બધા લોકોનો અકીદો એવો છે કે એ બન્ને પ્રસંગો વચ્ચે એક સંબંધ જોડાયેલો હતો.

ગમે તેમ પણ આ મહાન દુર્ઘટનાનું એટલું બધું મહત્વ હતું કે તે વર્ષનું નામ 'આમુલ ફીલ' (હાથીનું વર્ષ) રાખવામાં આવ્યું અને તે વર્ષ અરબોની તારીખનું પ્રારંભિક વર્ષ ગણાવા લાગ્યું.

(સંદર્ભ : તફસીરે નમૂના, ભાગ-૧૫, પેજ નં.૪૮૪ થી ૪૮૮)



મીકદાદઅલી
MO 99257 47592
(જેઠીપુરાવાળા)
મંઝર ચશ્માઘર
Manzar Optical
નંબરના ચશ્મા, ફેન્સી ગોગલ્સ તથા
સનગ્લાસના ચશ્મા બનાવી આપવામાં આવશે.
L-5, આકાશગંગા કોમ્પલેક્ષ, નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દ.)

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

فَسَقٰى لَهُمَا ثُمَّ تَوَلّٰٓى اِلَى الظِّلِّ فَقَالَ رَبِّ اِنِّىْ لِمَآ اَنْزَلْتَ اِلَىَّ مِنْ خَيْرٍ فَقِيْرٌ ﴿۲۴﴾

❂ જેથી મૂસાએ તે બન્નેની ખાતર (તેમના પશુઓને) પાણી પીવડાવ્યું, પછી છાંયડામાં ચાલ્યો ગયો અને અરજ કરવા લાગ્યો કે, હે મારા પરવરદિગાર ! જે પણ નેઅમત તું મારા માટે ઉતારે તેનો હું ખરે જ મોહતાજ છું.

(પારો–૨૦, સૂરએ કસસ, આયત–૨૪)

---

فَجَآءَتْهُ اِحْدٰىهُمَا تَمْشِىْ عَلَى اسْتِحْيَآءٍ قَالَتْ اِنَّ اَبِىْ يَدْعُوْكَ لِيَجْزِيَكَ اَجْرَ مَا سَقَيْتَ لَنَا ؕ فَلَمَّا جَآءَهٗ وَ قَصَّ عَلَيْهِ الْقَصَصَ ۙ قَالَ لَا تَخَفْ ࣞ نَجَوْتَ مِنَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿۲۵﴾

❂ પછી તે બન્ને પૈકી એક લાજ કાઢતી તેની પાસે આવી અને કહેવા લાગી કે નિ:સંશય મારા પિતા તને બોલાવે છે કે તને અમારી ખાતર (તેં જે તસ્દી લઈ અમારા પશુઓને) પાણી પાયું હતું તેનો બદલો આપે; પછી જ્યારે તે (શોએબ)ની પાસે પહોંચ્યો અને તેને (પોતાની) સઘળી વિતક (કથા) કહી સંભળાવી ત્યારે તેણે કહ્યું કે, હવે ભય ન પામ, તું જાલિમ લોકોના હાથમાંથી છુટકારો મેળવી ચૂક્યો છે. (પારો–૨૦, સૂરએ કસસ, આયત–૨૫)

---

قَالَتْ اِحْدٰىهُمَا يٰٓاَبَتِ اسْتَاْجِرْهُ ۫ اِنَّ خَيْرَ مَنِ اسْتَاْجَرْتَ الْقَوِىُّ الْاَمِيْنُ ﴿۲۶﴾

❂ તે બન્ને પૈકી એકે કહ્યું કે હે મારા પિતા ! એને કામે લગાડ, નિ:સંશય જે કોઈને પણ તું કામે લગાડવા માગે તેઓમાં એ જ ઘણો સારો હશે કે જે મજબૂત હોય અને વિશ્વાસુ પણ.

(પારો–૨૦, સૂરએ કસસ, આયત–૨૬)

قَالَ اِنِّیۡۤ اُرِیۡدُ اَنۡ اُنۡکِحَکَ اِحۡدَی ابۡنَتَیَّ هٰتَیۡنِ عَلٰۤی اَنۡ تَاۡجُرَنِیۡ ثَمٰنِیَ حِجَجٍ ۚ فَاِنۡ اَتۡمَمۡتَ عَشۡرًا فَمِنۡ عِنۡدِکَ ۚ وَ مَاۤ اُرِیۡدُ اَنۡ اَشُقَّ عَلَیۡکَ ؕ سَتَجِدُنِیۡۤ اِنۡ شَآءَ اللّٰهُ مِنَ الصّٰلِحِیۡنَ ﴿۲۷﴾

❂ (શોએબે) ફરમાવ્યું કે હું ઈચ્છું છું કે આ મારી બે છોકરીઓમાંથી એકના નિકાહ તારી સાથે એવી શરતે કરી દઉં કે તું આઠ વર્ષ (સુધી) મારી ચાકરી કરે, પછી જો દસ (વર્ષ) પૂરાં કરી નાખે તો તે તારી મરજીની વાત છે, અને હું (એ માટે) તારા પર કોઈ (જાતનો) દબાવ નાખવા ચાહતો નથી; અલ્લાહ ચાહશે તો તું મને સદાચારીઓમાંનો જોશે.

(પારો–૨૦, સૂરએ કસસ, આયત–૨૭)

---

قَالَ ذٰلِکَ بَیۡنِیۡ وَ بَیۡنَکَ ؕ اَیَّمَا الۡاَجَلَیۡنِ قَضَیۡتُ فَلَا عُدۡوَانَ عَلَیَّ ؕ وَ اللّٰهُ عَلٰی مَا نَقُوۡلُ وَکِیۡلٌ ﴿۲۸﴾

❂ (મૂસાએ) કહ્યું કે મારા અને તારા વચ્ચે આ (મામલાનો નિર્ણય) થઈ ગયો; બન્ને મુદ્દતોમાંથી કોઈ પણ એક પૂરી કરી દઉં, (પણ) મારા પર કોઈ જાતની સખ્તાઈ થવી ન જોઈએ, અને આપણા વચ્ચે જે કાંઈ વાતચીત થઈ છે તેનો અલ્લાહ સાક્ષી છે. (પારો–૨૦, સૂરએ કસસ, આયત–૨૮)

---

اِنَّکَ لَا تَهۡدِیۡ مَنۡ اَحۡبَبۡتَ وَ لٰکِنَّ اللّٰهَ یَهۡدِیۡ مَنۡ یَّشَآءُ ۚ وَ هُوَ اَعۡلَمُ بِالۡمُهۡتَدِیۡنَ ﴿۵۶﴾

❂ (હે રસૂલ !) ખરેખર તું જેને ચાહે છે તેને રાહ પર લાવી શકતો નથી, પરંતુ અલ્લાહ જેને ચાહે છે તેને રાહ પર લઈ આવે છે, અને તે હિદાયત પામનારાઓથી સારી રીતે વાકેફ છે.

(પારો–૨૦, સૂરએ કસસ, આયત–૫૬)

---

وَ لَقَدۡ اَرۡسَلۡنَا نُوۡحًا اِلٰی قَوۡمِهٖ فَلَبِثَ فِیۡهِمۡ اَلۡفَ سَنَۃٍ اِلَّا خَمۡسِیۡنَ عَامًا ؕ فَاَخَذَهُمُ الطُّوۡفَانُ وَ هُمۡ ظٰلِمُوۡنَ ﴿۱۴﴾


❂ અને ખરેખર અમોએ નૂહને તેની કોમ તરફ (પયગમ્બર બનાવીને) મોકલ્યો. પછી તે તેઓમાં એક હજારમાં પચાસ વર્ષ ઓછો રહ્યો (અને હિદાયત કર્યા કરી); પછી તે લોકોને તેમની જુલમગાર સ્થિતિમાં (જળ પ્રલયના) તોફાને આવી પકડ્યા. (પારો–૨૦, સૂરએ અન્કબૂત, આયત–૧૪)

**જાફરી આવાઝનું કુરિઅર સરનામું** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ (માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭




**૨૫૩**

**સંપાદન :** જાફરી આવાઝ (કાર્યાલય)



**::::: આડી ચાવીઓ :::::**

(૧) સેવા કરનાર, સેવક (૩)
(૩) ધીરજ, ધૈર્ય, સબ્ર (૩)
(૫) કોણીથી ખભા સુધીનો ભાગ, બાવડુ (૨)
(૬) સંદેશવાહક (૩)
(૭) ખેરાત, ઝકાત (૩)
(૮) ઢીલું, પોચું (૩)
(૧૦) લડાઈ, યુધ્ધ (૩)
(૧૨) ગરમી મોઢામાંથી નીકળતો ગરમ બાફ (૨)
(૧૪) દોઝખ, જહન્નમ (૩)
(૧૬) દીવો, મીણબત્તી (૩)
(૧૮) કાલે (૨)
(૧૯) સોગંદ, સમ (૩)
(૨૦) એક કોમનું નામ કે જેના ઉપર અઝાબ નાઝિલ થયો હતો (૩)
(૨૧) શદ્દાદે બનાવેલી જુઠ્ઠી જન્નતનું નામ (૩)
(૨૩) છડીદાર, છડી પોકારનાર (૩)
(૨૪) ગળ્યુ ગળ્યુ .............. જેવું (૨)
(૨૭) ગોર, મય્યતને દાટવાની જગ્યા (૩)
(૨૯) જોખમ, ભય (૩)
(૩૧) ઊંટડી, સાંઢણી (૨)
(૩૨) અહલેબૈતની શાનમાં સૂરો (૩)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) ખાનદાન ઘરાનાની સ્ત્રી (૩)
(૨) જગ્યા, સ્થળ (૩)
(૩) પ્રમુખ, અધ્યક્ષ (૩)
(૪) રીત રિવાજ (૩)
(૫) રાખી મૂકેલું, પસંદ ન કરેલું (૩)
(૯) દોસ્ત, મિત્ર (૩)
(૧૧) સંગ્રહ, સંચય (૩)
(૧૩) અનાજનો પાક (૩)
(૧૪) સાફસૂફી, ચોખ્ખાઈ (૩)
(૧૫) લખાણ, આંકડો (૩)
(૧૬) બગીચો, બાગ (૩)
(૧૭) ઝૂંટવી લેવું (૩)
(૧૮) પગ (૩)
(૨૨) ઘોડાના જિનનું પેંગડુ (૩)
(૨૪) મૂલ્ય (૩)
(૨૬) ધડાકો, વિસ્ફોટ (૩)
(૨૭) શરીરની લંબાઈ કે ઊંચાઈ (૩)
(૨૮) કમી કરેલું (૨)
(૨૯) ગધેડો (૨)
(૩૦) નિતંબ, જાંગ (૨)
(૩૧) માતાના પિતા (૨)



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ મોહસીનમોહમ્મદ એ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૨૫ રોઝા વિષે

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا كُتِبَ عَلَيۡكُمُ الصِّيَامُ كَمَا كُتِبَ عَلَى الَّذِيۡنَ مِنۡ قَبۡلِكُمۡ لَعَلَّكُمۡ تَتَّقُوۡنَۙ‏ ﴿۱۸۳﴾

*(હે ઈમાન લાવનારાઓ ! રોઝા રાખવા જે રીતે તમારા પહેલાંના લોકો પર ફરજ કરવામાં આવ્યા હતા તેવી જ રીતે તમારા ઉપર ફરજ કરવામાં આવ્યા છે કે જેથી તમે તેના કારણે ઘણા ખરા ગુનાઓથી બચો.)*

(સૂરએ બકરા, આયત–૧૮૩)

(૩૭૪) બેશક, રમઝાનનો મહિનો તે મહાન મહિનો છે કે જેમાં અલ્લાહ નેકીઓમાં અનેકગણો વધારો કરે છે અને ગુનાઓને દૂર કરે છે અને દરજ્જાને બુલંદ કરે છે. જે બંદો આ મહિનામાં સદકો આપે છે અલ્લાહ તેની મગ્ફેરત કરે છે. જે બંદો આ મહિનામાં પોતાના નોકરોથી કામ લેવામાં કમી કરે છે અલ્લાહ તેની મગ્ફેરત કરે છે. જે બંદો આ મહિનામાં પોતાની રીતભાત સારી રાખે છે અલ્લાહ તેની મગ્ફેરત કરે છે. જે આ મહિનામાં પોતાના ગુસ્સા પર કાબૂ રાખે છે અલ્લાહ તેની મગ્ફેરત કરે છે. જે આ મહિનામાં સગાંવહાલાંથી સારો વ્યવહાર કરે છે અલ્લાહ તેની મગ્ફેરત કરે છે.

તેના પછી ફરમાવ્યું, "તમારો આ મહિનો બીજા મહિનાઓ જેવો નથી જ્યારે તે આવે છે ત્યારે પોતાની બરકતો અને રહેમતોની સાથે આવે છે, જ્યારે જાય છે ત્યારે ગુનાઓની મગ્ફેરત કરાવીને જાય છે. તે આજ મહિનો છે કે જેમાં નેકીઓને અનેક ગણી કરવામાં આવે છે અને નેક આમાલ કબૂલ થાય છે. તમારામાંથી જે કોઈ આ મહિનામાં અલ્લાહની ખુશનૂદી માટે બે રકાત નમાઝ પઢે છે અલ્લાહ તેની મગ્ફેરત કરે છે.

ત્યાર પછી ફરમાવ્યું, "હકીકતમાં કમનસીબ એ છે કે જેના હાથમાંથી આ મહિનો નીકળી જાય અને તે પોતાના ગુનાઓની માફી ન કરાવી શકે અને જે વખતે નેક લોકો બદલો મેળવી રહ્યા હશે, તે નિરાશ હશે અને નુકસાન વહોરશે. *(અમાલી અલ-સદૂક, મજલિસ-૧૩, હદીસ-૨)*

(૩૭૫) રોઝા જહન્નમની આગ સામે ઢાલ સમાન છે. *(ઉસૂલે કાફી, જિલ્દ-૩)*

(૩૭૬) અલ્લાહે ફરમાવ્યું છે કે રોઝા ફક્ત મારા માટે છે હું જ તેનો બદલો આપીશ.

(જવાહિરુલ-મિનબા, સફા-૧૨૦)

(૩૭૭) રોઝાદાર પથારી પર ઊંઘી રહેલો હોય તો પણ તે ઈબાદતમાં છે જ્યાં સુધી તે કોઈની ગીબત ન કરે.

(તહફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

(૩૭૮) જે બંદો અલ્લાહની ખુશનુદી માટે મુસ્તહબ રોઝા રાખશે, અલ્લાહ તેને જન્નતમાં દાખલ કરશે.

(વાફી, જિલ્દ-૨, કિતાબુસ સિયામ, સફા-૪)

(૩૭૯) રોઝાદારની ઊંઘ ઈબાદત છે અને તેનું શ્વાસ લેવું તસ્બીહ સમાન છે.

(વસાએલુશ્શીઆ, કિતાબુસ્સિયામ)

(૩૮૦) જે બંદો અલ્લાહની ખુશનૂદી ખાતર એક દિવસ પણ મુસ્તહબ રોઝો રાખે તો તેની મગ્ફેરત થશે.

(અમાલી સદૂક, મજલિસ-૮૨, હદીસ-૨)

(૩૮૧) અલ્લાહે રોઝાદારો માટે દુઆ કરવા માટે ફરિશ્તાઓ નિમેલા છે.

(સફીનતુલ બિહાર, જિલ્દ-૨, સફા-૬૨)

(૩૮૨) દરેક રોઝાદાર માટે એક કબૂલ થયેલી દુઆ છે. (ઈસ્નાઅશરીયા, સફા-૧૬)

(૩૮૩) દરેક વસ્તુનો એક દરવાજો હોય છે અને ઈબાદતનો દરવાજો રોઝા છે.

(ઈસ્નાઅશરીયા, સફા-૧૪)

(૩૮૪) જે રોઝાદારની સામે કેટલાક લોકો જમી રહ્યા હોય તો તેનાં તમામ અંગો તસ્બીહ કરે છે અને ફરિશ્તા તેના માટે રહેમત તલબ કરે છે કે જેનાથી તેની મગ્ફેરત થાય છે.

(અમાલી સદૂક, મજલિસ-૮૪, હદીસ-૯)

આબિદઅલી 98793 97529
ગુલામઅલી 98798 52727

# અમીટી ટ્રેડર્સ

UltraTech CEMENT The Engineer's Choice
Binani Industries Limited

ખીલાસરી, એંગલ, ચેનલ, પાટાપટ્ટી, લોખંડની પાઈપ, સિમેન્ટની વિવિધ ડિઝાઈનની જાળીઓ તમામ પ્રકારના થાંભલા નાની મોટી સિમેન્ટની ટાંકીઓ, બારી બારણાની ફ્રેમ, કોટાસ્ટોન, સિમેન્ટના પતરાં તથા ગેલ્વે પતરા, કપચી તેમજ મકાનના બાંધકામને લગતી તમામ આઈટમો છુટક તથા હોલસેલના વહેપારી.

**ઉમરૂ ચાર રસ્તા, મકતબા જાફરીયાની સામે, કાકોશી રોડ, તા. સિધ્ધપુર.**

**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



# ગેલેક્સી ઈન્ફોટેક

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.

# હઝરત ઈમામ જાફર સાદિક (અ.)

::::: અનુવાદક :::::

હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

## તારાઓ વિષે જાબિરના પ્રશ્નો

(ગતાંકનું ચાલુ)

જાબિરે પૂછ્યું, આપની પાસે શું પુરાવો છે કે બીજા ગ્રહો ઉપર મખ્લૂકનું અસ્તિત્વ છે? ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, એ પુરાવો અલ્લાહના કલામમાં છે કારણ કે અલ્લાહ તઆલાએ પોતાના કલામમાં માણસનું વર્ણન કરવાની સાથે સાથે જિનનું વર્ણન પણ કર્યું છે અને જિન એવી મખ્લૂક છે કે જેને જોઈ શકાતી નથી એટલે કે આપણે તેમને જોઈ શકતા નથી. જો કે અલ્લાહ તઆલાથી તો કોઈ પણ વસ્તુ છૂપી નથી તે બધી મખ્લૂકને જુએ છે. જિન્નાત કે જેઓ કદાચ બીજી દુનિયાઓમાં રહે છે તે કાં તો માણસો જેવા છે અથવા તો આપણા કરતાં વધારે સારા માણસો જેવા.

જાબિરે પૂછ્યું, આપણા કરતાં વધારે સારા માણસો કહેવા પાછળ આપનું શું તાત્પર્ય છે ? ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, કદાચ જિન્નાત એવા માણસો છે કે જેઓ આપણા જેવી દુનિયામાં જીવન વિતાવ્યા પછી વધારે સારી દુનિયામાં જઈ ચૂક્યા છે. એવી જ રીતે કે જેવી રીતે જો આપણે નેક હોઈએ તો મોત પછી આ દુનિયા કરતાં વધારે સારી દુનિયામાં જઈશું.

જાબિરે પૂછ્યું, આવી રીતે તો આપણે મોત બાદ સજીવ થઈ ગયા પછી આ તારાઓમાંથી કોઈ એક તારામાં જીવન વિતાવીશું કે જેમને આપણે રાત્રે જોઈએ છીએ. ઈમામ જાફર સાદિક(અ.) એ ફરમાવ્યું, હું તમને કહી શકું નહીં કે મોતની નિંદ્રામાંથી જાગ્યા પછી આપણી જગ્યા ક્યાં હશે ? કદાચ આપણી જગ્યા આ જ દુનિયામાં હોય કે જ્યાં આપણે અત્યારે રહીએ છીએ. અલ્લાહ માટે કોઈ વાત અશક્ય નથી. તે આ જ દુનિયામાં નેક લોકો માટે જન્નત અને ગુનેગારો માટે દોઝખ બનાવી શકે છે અથવા તો એ કે તે માણસને મોતથી જાગ્યા પછી બીજી દુનિયામાં જગ્યા આપે.

જાબિરે પૂછ્યું, શું અલ્લાહ તઆલાને જાણકારી છે કે મોતથી જાગ્યા પછી ભવિષ્યમાં આપણું ઠેકાણું ક્યાં હશે ? અથવા તો એ કે અલ્લાહ આપણને સજીવ કરી દીધા પછી નક્કી કરશે કે કઈ જગ્યાએ નેક લોકોને મોકલે અને કઈ જગ્યાએ ગુનેગારોને મોકલે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો, અલ્લાહ તઆલા અઝલી અને અબદી છે એટલે કે ન તો તેની શરૂઆત છે કે ન તેનો અંત. તે પ્રખર બુધ્ધિશાળી અને સર્વ શક્તિમાન છે. તેના માટે ભૂતકાળ કે ભવિષ્યકાળ નથી. જે કંઈ થઈ ચૂક્યું છે અને જે કંઈ થવાનું છે તે અલ્લાહ ઉપર પ્રગટ છે. કાઈનાતમાં કોઈ એવો પ્રસંગ નથી કે જેનાથી અલ્લાહ તઆલા પહેલેથી જ પરિચિત ન હોય અને તેના માટે પહેલેથી જ હુકમ આપી દીધેલો ન હોય કે તે પ્રસંગ નિશ્ચિત સમયે થશે.

જો આવું થાત કે કાઈનાતમાં દૂરના ભવિષ્યમાં એક એવો પ્રસંગ બનવાનો હોય કે જેના વિશે

અલ્લાહને જાણકારી ન હોય તો પછી અલ્લાહ તઆલાનું અસ્તિત્વ જ ન હોય અને પછી તે અલ્લાહ ન કહેવાત. બલ્કે, તે પ્રસંગ કે જે અલ્લાહ તઆલાની જાણકારી વગર અસ્તિત્વમાં આવી ગયો તે ખુદા કહેવાત કારણ કે આ પ્રસંગે પોતાને અલ્લાહના ઈલ્મ અને શક્તિના વર્ચસ્વથી છુટકારો અપાવ્યો છે એટલે આપમેળે તે પ્રસંગ અલ્લાહ તઆલા કરતાં વધારે ઈલ્મવાળો અને શક્તિશાળી છે, માટે તે પ્રસંગ ખુદા તરીકે ઓળખાવાની લાયકાત વધુ ધરાવે છે.

આ જ કારણે તો અલ્લાહ તઆલા માણસના મોતના પહેલાં જ તેનો જાણકાર છે કે જ્યારે અલ્લાહ તે માણસને ફરીથી સજીવન કરશે તો તેને ક્યાં ઠેકાણું આપશે બલ્કે પહેલી જ ક્ષણે કે જ્યારે તેણે આદમનું સર્જન કર્યું હતું તો તે આ વાતને જાણતો હતો. જાબિરે કહ્યું, જે આપ ફરમાવી રહ્યા છો તે બાબતે મને આશ્ચર્યમાં નાખી દીધો છે. ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, મારી કઈ વાતે ? જાબિરે કહ્યું, આપ ફરમાવો છો કે અલ્લાહ તઆલાએ પહેલી જ ક્ષણે બધી વસ્તુઓની ભવિષ્યવાણી કરી દીધી છે અને જે પ્રસંગો કાઈનાતમાં બનશે તેનો સમય નક્કી કરી લીધો છે. ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, અઝલી અને અબદી હોવાના અર્થ પણ એ જ છે અને દાના (પ્રખર બુધ્ધિશાળી) અને તવાના (સર્વશક્તિમાન) હોવાનો અર્થ પણ આ જ છે.

જાબિરે પોતાનો વિચાર વ્યક્ત કરતાં કહ્યું કે અલ્લાહે બધી વસ્તુઓની ભવિષ્યવાણી કરી દીધી છે અને જે હુકમ આપવાનો હતો તે હુકમ આપી દીધો છે તો પછી આવી રીતે તેણે બધા નિર્ણયો, તબક્કાઓ અને નવા ઈરાદાઓથી પોતાને વંચિત કરી દીધો છે અને હવે જ્યાં સુધી તે છે ત્યાં સુધી તે હાથ ઉપર હાથ મૂકીને બેસી રહેશે કારણ કે હવે તેનું કોઈ કામ બાકી રહ્યું નથી. જે કંઈ તેણે કરવું હતું તે કરી નાખ્યું છે અને જે ભવિષ્યવાણી તેણે કરવી હતી તે કરી દીધી છે.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, અય જાબિર ! તમે તો મને એવો સવાલ કર્યો કે જે માણસની સમજથી બહાર છે કારણ કે માણસ અલ્લાહ તઆલાના અઝલી, અબદી, દાના અને તવાના હોવા વિશે પૂરી રીતે જાણકારી પ્રાપ્ત કરી શકતો નથી અને તે હકીકતોથી વાકેફ નથી, માટે માણસ આવા વસવસામાં પડી જાય છે કે અલ્લાહ તઆલાએ બધી વસ્તુઓની ભવિષ્યવાણી કરી દીધી અને જે કંઈ કરવાનું હતું તે કરી દીધું તો પછી તેના અસીમ વિસ્તાર અને અબદી અસ્તિત્વ હોવા છતાંય એની પાસે હવે કોઈ કામ બાકી રહ્યું નથી.

અય જાબિર ! શું તમે અનુમાન લગાવી શકો છો કે અલ્લાહ તઆલાના અઝલી અને અબદી હોવાની મુદ્દત કેટલી છે ? જાબિરે કહ્યું, શું એ મુદ્દત દસ હજાર વર્ષથી વધારે છે ? ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો, હા, અય જાબિર! જાબિરે પૂછ્યું, શું પચાસ હજાર વર્ષથી વધારે છે ? ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, હા, અય જાબિર ! જાબિરે પૂછ્યું, શું એક લાખ પચાસ હજાર વર્ષ કરતાં પણ વધારે છે ? ઈમામ જાફર સાદિક (અ.)એ હકારમાં જવાબ આપ્યો. જાબિરે કહ્યું, મારી વિચારવાની શક્તિ આના કરતાં વધારે નથી.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, અય જાબિર! તમે એક લાખ પચાસ હજાર વર્ષ કરતાં મોટો આંકડો પણ બોલી શકો છો. તમે અઝલ અને અબદના વચ્ચેના અંતરને પોતાની ચિંતનશક્તિ વડે સમજી શકો છો, પરંતુ હું એ વાતને સમર્થન આપું છું કે જ્યારે અઝલી અને અબદીની વાત થાય છે તો માણસ એ વાતને સમજી શકતો નથી કે અઝલ ક્યારથી શરૂ થયું અને અબદ ક્યાં સુધી રહેશે. અઝલની શરૂઆત અને અબદના અંત વચ્ચેના અંતરનું અનુમાન લગાવવું માણસની વિચારશક્તિ અને ગણતરીના બસની વાત નથી.

હું તમને એટલું જ કહું છું કે જો હું અને તમે એકસો વર્ષ વધારે જીવીએ અને એ આખીય મુદ્દતની દરેક ક્ષણની સંખ્યાને બમણી કરતા જઈએ તો ય એકસો વર્ષ પછી જે સંખ્યા આપણને મળે તે અઝલની શરૂઆત અને અબદના અંત વચ્ચેના અંતરથી ઓછી હશે. જાબિરે કહ્યું, શું આ આખીય મુદ્દતમાં અલ્લાહ તઆલા કે જેણે બધાં કાર્યો કરી નાખ્યાં છે હવે એનું કોઈ કામ બાકી રહેતું નથી અને તેણે પોતાને કામ વગરનો કરી દીધો છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, અય જાબિર ! મેં જે તમને કહ્યું કે અઝલ અને અબદના વચ્ચેના અંતરને પોતાની ચિંતનશક્તિ વડે માપો અને પોતાની ચિંતનશક્તિ વડે તેને નિશ્ચિત કરો એવું કહેવા પાછળ મારો આશય જુદો હતો. જાબિરે પૂછ્યું, આપ શું કહેવા માગતા હતા ? ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, હું એ કહેવા માગું છું કે આ લાંબી મુદ્દત કે જે અઝલની શરૂઆતથી લઈને અબદના અંત સુધી રહેલી છે તેને એકસો વર્ષની ગણતરી કરવાથી અને સંખ્યાને બમણી કરતા જવાથી પણ આપણે તે મુદતને નિશ્ચિત કરી શકવાના નથી, પરંતુ આ આખીય મુદત અલ્લાહ તઆલા માટે ફક્ત એક ક્ષણ છે. જાબિર આ વાતથી આશ્ચર્યમાં પડી ગયા.

ઈમામ જાફર સાદિક (અ.)એ પૂછ્યું, હું જે કંઈ કહી રહ્યો છું શું તમે તેને સમજી રહ્યા છો ? જાબિરે કહ્યું, આપ એમ કહેવા માગો છો કે જે અંતર અઝલ અને અબદ વચ્ચે છે તે અલ્લાહ તઆલા માટે એક ક્ષણ છે. ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, હા, હું એ જ કહેવા માગું છું અને તે એટલા માટે અલ્લાહ તઆલા માટે એક ક્ષણ છે કે અલ્લાહ તઆલા સમયના વિતવાને આધીન નથી અને આપણે પણ મોત પછી સમયના વિતવાને આધીન નહીં રહીએ, માટે આપણને સમય વિતવાનો અનુભવ નહીં થાય. (ક્રમશઃ)


# નાઇસ પ્લમ્બર

**પ્લમ્બરના કામ માટે મળો.**

*P.V.C., U.P.V.C., ગેલ્વેનાઈઝ, પાણી ફીટીંગની લાઈનો કરી આપનાર તથા ઠંડા તેમજ ગરમ પાણીની પાઈપ ફીટીંગ અને હોટલ, ફ્લેટ, મકાનનું સંતોષકારક અને વ્યાજબી ભાવે કામ કરી આપનાર.*

**સાકિરઅલી**
8980577508

**આબિદઅલી**
7874992223

મુ. જેઠીપુરા, તા. ઈડર, જિ. સાબરકાંઠા

# વફાદાર ટૂર

**ઝિયારત–૨૦૧૩**

ઝિયારત પ્રોગ્રામ
ઈરાન–ઈરાક : ૨૪ દિવસ
(૧૮ ઝિલહજ થી ૧૩ મોહર્રમ)
ઈરાક : ૧૪ દિવસ
(૨૮ ઝિલહજ થી ૧૪ મોહર્રમ)

**:::::::::: સંપર્ક ::::::::::**

જાફરઅલી ભટ્ટ - Mo. 9998897720
હસનભાઈ ભટ્ટ - Mo. 9979991779
બાકરઅલી ભટ્ટ - Mo. 9998822121

# ૧૩મી રજબ : મોઅજિઝાનો દિવસ

**લેખન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ**

"હે અલી ! અલ્લાહે મને અને તમને તેના નૂરમાંથી પેદા કર્યા છે. તેણે આદમનું સર્જન કર્યું અને તે નૂર તેમનામાં મૂક્યું. આ નૂર અબ્દુલ મુત્તલિબ સુધી પહોંચ્યું. ત્યાર બાદ તે બે ભાગમાં વહેંચાઈ ગયું. આ ભાગ અબ્દુલ્લાહ અને અબૂ તાલિબને મળ્યા. નબુવ્વતને લાયક મારા સિવાય કોઈ જ નથી, જ્યારે ખિલાફતને લાયક તમારા સિવાય કોઈ જ નથી. જે તમારી ખિલાફતનો ઈન્કાર કરશે તે મારી નબુવ્વતને નકારશે અને જે મારી નબુવ્વતને નકારશે અલ્લાહ તેને જહન્નમમાં નાખશે." – રસૂલલ્લાહ (સ.)

સૌથી પ્રથમ આદમ (અ.)એ કા'બાનું નિર્માણ કર્યું ત્યાર બાદ ઈબ્રાહીમ (અ.) અને ઈસ્માઈલ (અ.) એ તેને ફરીથી બનાવ્યું. આમ ત્રણ ત્રણ નબીઓની મહેનત કા'બાના નિર્માણ માટે કામે લાગી છે, આ રીતે તેની પવિત્રતાને સમજી શકાય છે. આ પાક કા'બામાં આજથી ૧૪૫૭ વર્ષ પહેલાં એક અનોખી ઘટના ઘટી. અચાનક પાક કા'બાની દીવાલમાં જગ્યા થઈ. તેમાં તોહીદપરસ્ત હાશમી ખાનદાનની એક પવિત્ર મહિલા દાખલ થઈ અને દીવાલમાં થયેલી જગ્યા આપમેળે જ બીડાઈ ગઈ. આ દરમિયાન આ પાક બીબી અલ્લાહને પ્રસૂતિની તકલીફ આસાન કરવાની દુઆ કરતાં હતાં.

આ ઘટના જોઈને અરબસ્તાનના મુશરિકો ડઘાઈ ગયા. તેમણે કા'બાના દરવાજાને તોડવાના ભરપૂર પ્રયત્નો કર્યા. પરંતુ તેમાં તેમને સફળતા મળી નહીં અને દરવાજો બંધ જ રહ્યો. ત્રણ દિવસ પછી આ મુશરિકોને ફરી એક મોઅજિઝો દેખાયો. આ વખતે ફરી પાછી દીવાલ ફાટી ગઈ અને તેમાંથી ફાતેમા બિન્તે અસદ એક નૂરાની બાળકને લઈને બહાર નીકળ્યાં. કા'બાની બહાર અબૂ તાલિબ તેમની ઝૌજાને આવકાર આપવા શાંતચિત્તે ઊભા ઊભા મલકાઈ રહ્યા હતા. અબૂ તાલિબ સાથે તેમના ભત્રીજા મોહંમદ (સ.) ઈબ્ને અબ્દુલ્લાહ પણ ઊભા હતા. મોહંમદ (સ.) તેમના નાના ભાઈને લેવા આગળ વધ્યા. તે જ સમયે આ બાળકે પોતાની આંખો ખોલી. રસૂલ (સ.)એ તે વખતે બાળકના કાનમાં કંઈક પઢ્યું. આમ નૂરથી નૂર મળ્યું અને ઈસ્લામની તબ્લીગ આગળ વધતી ગઈ.

આ ચમત્કારિક વિલાદતની ઘટના એ સંકેત આપે છે કે આ રીતે જન્મ લેનાર હસ્તી કેટલી મહાન હશે ! રિસાલતના નૂરના જ એક ભાગથી પેદા થયેલા ઈમામ અલી (અ.)ને બીજા લોકો સાથે કેવી રીતે સરખાવી શકાય ? આ જ કારણે રસૂલ (સ.)એ દાવતે ઝુલ અશીરામાં ઈમામ અલી (અ.)ને નાની ઉંમરમાં જ પોતાના જાનશીન જાહેર કરી દીધા હતા અને તે જ રીતે ગદીરમાં પણ ઈમામ અલી (અ.) ને જાનશીન જાહેર કર્યા હતા.

રસૂલ (સ.)એ અનેકાનેક વખતે મૌલા અલી (અ.)ના મર્તબાની પહેચાન લોકોને કરાવી. રસૂલ (સ.)એ અલી (અ.) માટે કહ્યું,

"અના મદીનતુલ ઈલ્મ વ અલીય્યુન બાબોહા."

અર્થાત્ : હું ઈલ્મનું શહેર છું અને અલી તેનો દરવાજો છે.

આ હદીસથી પણ એ જ સાબિત થાય છે કે રસૂલલ્લાહ (સ.) અને ઈસ્લામની માઅરેફત મેળવવા અલી (અ.)ની માઅરેફત હાંસિલ કરવી જ પડશે. અલી (અ.)ની અવગણના કરીને રસૂલ (સ.) અને અલ્લાહ સુધી પહોંચવું શક્ય જ નથી. *

હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો,
જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# નહજુલ અસરાર

સંપાદક : મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા — અનુવાદ : મો. કાસમભાઈ વિજાપુરા

**سلونی قبل ان تفقدونی**

**સલૂની કબ્લ અન તફકદૂની**

(પૂછો એ પહેલાં કે મને ન પામો.)

(ગતાંકનું ચાલુ)

(૪) એક બીજા માણસ હબીબ જમાઝે અરજ કરી કે યા અમીરુલ મોમિનીન ! મેં વાદી અલ કુરામાં ખાલિદ બિન અરફાતને મરેલો જોયો. તેના માટે ઈસ્તિગ્ફાર કરો. હઝરત અલી (અ.)એ ફરમાવ્યું,

ખુદાની કસમ, ન તો તે મર્યો છે કે ન મરશે જ્યાં સુધી કે ગુમરાહ ફોજ કેદ ન થઈ જાય જેની માહિતી જાણનારો હબીબ ઈબ્ને જમાઝ હશે.

**હબીબ જમાઝ :** યા અમીરુલ મોમિનીન ! હબીબ જમાઝ હું પોતે જ છું અને આપને દોસ્ત રાખું છું.

**અમીરુલ મોમિનીન :** તું જ હબીબ જમાઝ છે ?

**હબીબ :** જી, હા.

**અમીરુલ મોમિનીન :** શું તું જ હબીબ જમાઝ છે ?

**હબીબ :** ખુદાની કસમ, હું જ હબીબ જમાઝ છું.

**અમીરુલ મોમિનીન :** (કૂફાના બાબુલ ફીલની તરફ ઈશારો કરીને ફરમાવ્યું,) જાણી લે, ખુદાની કસમ, તું જ તે ઈલ્મને ધારણ કરનારો બનીશ. અને તું જ હુમલો કરીશ અને તેમની સાથે આ દરવાજાથી દાખલ થઈશ.

(૫) હઝરત અલી (અ.)એ હમ્દોસનાએ ઈલાહી પછી ત્રણ વખત ફરમાવ્યું કે, **"સલૂની કબ્લ અન તફકદૂની."** આ એલાન સાંભળીને સઅસા ઈબ્ને સહવાન પોતાની જગ્યાએથી ઉઠ્યા અને અરજ કરી કે, યા અમીરુલ મોમિનીન ! દજ્જાલ ક્યારે ખુરૂજ કરશે ? હઝરત (અ.)એ ફરમાવ્યું કે આ બાબતની કેટલીક નિશાનીઓ છે, જેમકે એક કદમ પછી બીજું કદમ પડે છે. અગર તું ચાહતો હોય તો બયાન કરું. સઅસાએ અરજ કરી, યા અમીરુલ મોમિનીન ! ફરમાવો.

હઝરત અલી (અ.)એ ફરમાવ્યું,


એ વખતે કે જ્યારે લોકો નમાઝ કઝા કરવા લાગે, અમાનતને બરબાદ કરવા લાગે, જૂઠને હલાલ સમજે, વ્યાજ ખાવા લાગે, લાંચ લેવા માંડે, મજબૂત ઈમારતો બાંધવા લાગે, દીનને દુનિયા માટે વેચવા માંડે, નીચ લોકોને કામમાં દાખલ કરવા

લાગે, સ્ત્રીઓ સાથે મશવેરો કરવા સગાસંબંધીઓ સાથેનો સંબંધ તોડી નાખે, નફ્સની ખ્વાહિશને તાબે થઈ જાય, ખૂનરેઝીને આસાન સમજવા લાગે, તેમનો હુકમ ઝઈફ થઈ જાય, જુલ્મ અને સિતમને ફખ્ર સમજવા લાગે, નામુરાદ ફાજિર થઈ જાય અને વઝીરો જાલિમ થઈ જાય, આરિફ લોકો ખયાનત કરવા લાગે, કુરઆનના કારીઓ ફાસિક થઈ જાય, ગવાહી ખોટી જાહેર થઈ જાય, ફુજૂર (વ્યભિચારી) અને બોહતાન અને ગુના અને સરકશી પ્રગટ થઈ જાય, કુરઆનને માત્ર ઝીનત (શણગાર) આપવામાં આવે, મસ્જિદોને શણગારવામાં આવે અને તેમના મીનારા ઊંચા ચણવામાં આવે, રહસ્યો સન્માનીય હોય, નમાઝની સફો ભરચક થઈ જાય, મખ્લૂકની ખ્વાહિશો એક બીજાથી વિભિન્ન હોય, અહદ તોડી નાખવાનું ચાલુ થઈ જાય, વાયદો જે કરવામાં આવ્યો હોય તે ફરેબ થઈ જાય, ઓરતો દુનિયાની ઈર્ષા અદેખાઈમાં પોતાના શોહરોની સાથે તિજારતમાં ભાગીદાર થઈ જાય, ફાસિકોનો અવાજ બુલંદ હોય અર્થાત્ ફાસિકોના કોલ મકબૂલ હોય અને તેમની વાતોને સાંભળવામાં આવે અને તેમની ઈતાઅત કરવામાં આવે. નાલાયક લોકો રઈસ (સરદારો) થઈ જાય અને ફાજિરોથી તેમના શિર્કના કારણે લોકો ડરવા લાગે, જૂઠા લોકોનું સમર્થન થવા લાગે અને ખયાનત કરવાવાળાઓને અમીન ગણવામાં આવે, સંગીતનાં સાધનોની, ખેલકૂદની અને બદકારીઓનું મહત્વ વધી જાય, આ ઉમ્મતના આખરીન (છેલ્લા લોકો) તેમના અવ્વલીન પહેલાંના લોકો પર લા'નત કરવા લાગે, ઓરતો જમીન પર બેસવા લાગે, ઓરતો અને મર્દ એકબીજાની શબાહત ધારણ કરવા લાગે, (એકબીજા જેવાં દેખાવા લાગે) એક શાહિદ કે જેનાથી શહાદત માગવામાં આવે, તે શહાદત આપે અને શાહિદ પોતાના બીજા દોસ્તોને મર્યાદા અને શરણ ખાતર શહાદતે બાતિલ આપે. દીનના મસઅલા દુષિત, ખરાબ મહત્વકાંક્ષીઓ ખાતર યાદ કરવામાં આવે, દુનિયાનાં કાર્યોને આખેરત ઉપર વર્ચસ્વવાળાં ગણવા લાગે અને બકરાની પીઠને વરૂના દિલો ઉપર પહેરાવવા લાગે (અર્થાત્ એમનું જાહેર બકરાનું અને તેમનું બાતિન વરૂની માફક થઈ જાય). જો કે તેમનાં દિલો મુડદાલ કરતાં વધારે ગંદાં અને સબ્રથી વધારે કડવાં હશે, માટે આવા સમયે ઉતાવળ કરે. બસ ઉતાવળ ઉતાવળ. આ જમાનામાં બહેતરીન ઘર બૈતુલ મુકદ્દસ હશે. એ જમાનાના લોકો દરેક જણ એવી આરઝૂ કરશે કે એ મકાનમાં રહેવાવાળા બને.




હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૧૩

**મુબાહેલા કાજે નબી, બહાર રે સિધારે,**
**જે હબીબ રે નામસુ, હે રબ કે પીઆ રે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે મુબાહિલો કરવા માટે નબી સાહેબ બહાર પધાર્યા કે જેમને હબીબ નામથી સંબોધવામાં આવ્યા છે અને આપ (સ.) અલ્લાહના પ્યારા નબી છે.)

**તબ હસન હુસેનકો, ગોદ નબીજીને કીતે,**
**બીબી ફાતેમા ને અલી ભી સાથે થે સુણીતે.**

(ત્યાર પછી નબીજીએ ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.)ને પોતાની ગોદમાં લીધા અને બીબી ફાતેમા ઝહરા (અ.) અને ઈમામ અલી મુર્તઝા (અ.)ને પણ સાથે લીધા એવું સાંભળ્યું છે.)

**યા ઈલાહી આલમીન, એ એહલેબયત મેરી,**
**યું ફરમાયા નબીને, તબ સુણીયો સવેરી.**

(તમે સાંભળો કે ત્યાર પછી નબી (સ.)એ એવું ફરમાવ્યું કે, "અય આલમીનના ઈલાહી ! આ મારી અહલેબૈત છે.")

**કહા ફરઝંદ મેરે લે મેં હું આયા,**
**યું નસારા ટોલેકું, નબીને બતાયા.**

(નજરાનના નસારાના ટોળાને નબીજીએ બતાવ્યું કે મારા ફરઝંદ તરીકે હું મારા બન્ને નવાસાઓને લઈને આવ્યો છું.)

**રઈસ અનુકેને નબીકું જબ દેખે રે નેનાં,**
**તબ યકીન બુઝા ઉને દેખતે મેનાં.**

(નસારાઓના સરદારે જ્યારે નબીજીને પોતાની આંખોથી જોયા તો જોતાંની સાથે જ તેના દિલમાં યકીન થઈ ગયું કે...)

**કે જે રબ રે પાસ, દોઆ રે ચાવે,**
**સો રબ તો ઉસકું તુરત દીલાવે.**

(નસારાના સરદારને યકીન થઈ ગયું કે જો આ હસ્તીઓ અલ્લાહના દરબારમાં દુઆ માટે હાથ ઉઠાવશે તો રબ્બુલ આલમીન તેમની દુઆને તરત જ કબૂલ કરી લેશે.)

**યું અનુ કેરે રઈસને, બુઝી રે બાતી,**
**કે બુઝરૂગ દીસે, એ ખાતમકી જાતી.**

(તેમના સરદારને એ બાબત સમજાઈ ગઈ કે આ ખાતેમુન્નબીય્યીન મને તો એક બુઝુર્ગ હસ્તી નજરે પડે છે.)

**યું રઈસને બુઝ કર ટોલેકું મને રે કરાયા,**
**સો નબી કેરા બયાન, સબ કોમકું બતાયા.**

(નસારાઓના સરદારે પોતાના ટોળાને મુબાહિલો કરવાની મનાઈ ફરમાવી અને પોતાની કોમને નબીજીની ખૂબીઓનું બયાન ફરમાવ્યું.)

**તબ મુબાહેલા કોમને કીયા રે નાંહાં,**
**કહીં ઈમાન લાએ, ઉસ ટોલેકે માંહાં.**

(ત્યાર પછી તે કોમે મુબાહિલો કરવાનું માંડી વાળ્યું અને પંજેતન પાક (અ.)ની ખૂબીઓ જોઈને તેમનામાંના કેટલાય જણ ઈમાન લઈ આવ્યા.)

**તબ ઈમામુંકું ફરઝંદ, કર નબીજીને આખે,**
**યું કેહ કર નબીને, તબ પાસ થે રાખે.**

(એ વખતે નબીજીએ બન્ને ઈમામોને પોતાના ફરઝંદ તરીકે જાહેર કર્યા અને પોતાના ફરઝંદ કહીને જ મુબાહિલામાં પોતાની પાસે રાખ્યા.)

**એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી,**
**અને નેહસું કહો, દન ઓર રાતી.**

**–: રે તુંહી :–**

(આ બધી વાતો સાંભળી સાંભળીને તમે તમારી જાતને પાક કરો અને દિવસ અને રાત નેહપૂર્વક અલ્લાહનો ઝિક્ર કરતા રહો.)

**નબીને હસન હુસૈનકુ,**
**ધરીયા ફરઝંદ નામ રે, ધરીયા ફરઝંદ નામ;**
**જબ નસારાને દાવા કીયા,**
**થા હુકમ આયા ઉસ ઠામ રે, થા હુકમ આયા ઉસ ઠામ.**

(જ્યારે નસારાઓએ દાવો કર્યો અને અલ્લાહ તઆલા તરફથી મુબાહિલો કરવાનો હુકમ આવ્યો તે વખતે નબી સાહેબે ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.)નું નામ પોતાના ફરઝંદ તરીકે આગળ ધર્યું.


ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

**અકબરભાઈ એચ. ખાણશીયા–કિશોરગઢવાળા**
મો.૯૫૭૪૦ ૩૫૮૭૪
**સાબિરભાઈ મોમિન–ચંડીસરવાળા**
મો.૯૮૯૮૭ ૬૨૬૩૭

**નવજીવન પ્લાયવુડ એન્ડ હાર્ડવેર**

પ્લાયવુડ, સનમાઈકા, ફ્લશડોર તેમજ ફર્નિચરને લગતી દરેક આઈટમ વ્યાજબી ભાવે મળશે.

**મલાવ તલાવ રોડ, મોમિન હોસ્ટેલ સામે, ચાંદ કોમ્પલેક્ષ, ધોળકા. જિ.અમદાવાદ.**

**અકબરભાઈ એચ. ખાણશીયા–કિશોરગઢવાળા**
મો.૯૫૭૪૦ ૩૫૮૭૪
**આબિદઅલી એચ. ખાણશીયા–કિશોરગઢવાળા**
મો.૯૯૨૪૪ ૦૯૪૨૯

**નવજીવન વુડ ફર્નિચર વર્કસ**

દરવાજા, બારસાખ તેમજ તમામ પ્રકારનું ફર્નિચરનું કામ કરી આપવામાં આવશે.

**મલાવ તલાવ રોડ, મોમિન હોસ્ટેલ સામે, ચાંદ કોમ્પલેક્ષ, ધોળકા. જિ.અમદાવાદ.**

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

લેખક : શેખ મુફીદ



# અલ ઈર્શાદ

## જંગે અહઝાબનાં મિત્રદળો સામે જંગ

(ગતાંકનું ચાલુ)

અમીરુલ મોમિનીન (અ.) પણ પોતાના મુકામ પર પાછા આવી ગયા. જે લોકો અમ્રની સાથે હતા તેઓ ખંદક પાર કરીને આવ્યા હતા અને પાછા નાસી ગયા હતા, તેમની હાલત ખૂબ જ દુર્દશાગ્રસ્ત હતી. આ પ્રસંગે મૌલા અલી (અ.)એ આ મુજબ અશ્આર પઢ્યા :

- *તે પથ્થરના બુતોનો પૂજારી હતો અને એ જ તેનો અકીદો હતો કેમકે તેનો ફેંસલો ખોટો હતો જ્યારે કે હું મોહંમદ (સ.)ના અલ્લાહની ઈબાદત કરું છું અને આ જ હિદાયતનો રસ્તો છે.*
- *મેં તેના ઉપર પ્રહાર કર્યો અને તેને એવી રીતે કાપી નાખ્યો કે જેવી રીતે ખજૂરનું ઝાડ કપાઈ જાય છે. આ પ્રસંગ રણપ્રદેશ અને પહાડીની વચ્ચે બન્યો હતો.*
- *અય અહઝાબ (ખંદક)ના લોકો ! એવું ન વિચારો કે અલ્લાહ તઆલા પોતાના દીન અને પોતાના રસૂલ (સ.)ને ભૂલી જશે.*

(મોહંમદ બિન અમ્ર વાકદીએ બયાન કર્યું છે કે તેમને અબ્દુલ્લાહ બિન જાફરે અલી ઔનના હવાલાથી બતાવ્યું અને તેમણે ઝહરીના હવાલાથી બતાવ્યું કે તેઓ કહેતા હતા કે –)

"અમ્ર બિન અબ્દેવદ, અક્રમા બિન અબી જહલ અને હુબૈરા બિન અબી વહબ, નોફિલ બિન અબ્દુલ્લાહ બિન મુગૈરા અને ઝરાર બિન ખત્તાબ એક દિવસ આવ્યા જ્યારે કે જંગે ખંદક ચાલી રહ્યો હતો અને ખંદકને જોવા લાગ્યા. તેઓ ખંદકના કિનારે કિનારે ચાલતા રહ્યા અને એવો અંદાજ લગાવતા રહ્યા કે ખંદકની પહોળાઈ કઈ જગ્યાએ ઓછી છે કે જેથી કરીને તે જગ્યાએ તેઓ ખંદકને પેલે પાર આવી શકે. ત્યાર પછી તેઓ એવી જગ્યાએ આવી પહોંચ્યા કે જ્યાં પહેરો ગોઠવેલો ન હતો. ત્યાં તેમણે પોતાના ઘોડાઓને એડ લગાવી અને ઘોડા છલાંગ લગાવીને ખંદકની પેલે પાર આવી ગયા. તેમના ઘોડા આગળ વધતા રહ્યા અને એવી જગ્યાએ આવી ગયા કે જે ખંદક અને પહાડીની વચ્ચે આવેલી હતી. મુસલમાનો પાછા હટી ગયા અને કોઈની ય હિંમત ન ચાલી કે તેમના મુકાબલા માટે આગળ વધે. ત્યારે અમ્ર બિન અબ્દેવદે એકલાએ જ મુકાબલો કરવાનો પ્રસ્તાવ મૂક્યો અને મુસલમાનોને ધમકાવવા લાગ્યો કે "હું બૂમો પાડી પાડીને અવાજ આપી રહ્યો છું કે તમારામાં કોઈ છે કે જે મારી સાથે એકલો લડવાની હિંમત કરે ?

તેના પ્રત્યેક લલકાર પર હઝરત અલી (અ.) ઊભા થઈ જતા હતા અને તેની સાથે લડવાની રજા માગતા હતા, પરંતુ દરેક વખતે પયગમ્બરે ઈસ્લામ (સ.) તેમને હુકમ આપતા હતા કે તેઓ બેસી જાય અને ઈન્તેઝાર કરે, કદાચ કોઈ બીજો એની સાથે લડવાનો ઈરાદો ધરાવતો હોય, પરંતુ એ દિવસે મુસલમાનો બિલકુલ સ્થિર થઈ ગયા હતા. (જાણે કે તેમને સાપ સૂંઘી ગયો હોય) અથવા તો પછી તેમના માથા ઉપર પક્ષીઓ બેઠેલાં હોય કેમકે દરેક માણસ જાણતો હતો કે અમ્ર બિન અબ્દેવદ (અરબનો) નામચીન બહાદુર છે અને બધા તેનાથી ડરી ગયેલા હતા, માત્ર એનાથી જ નહીં, બલ્કે જે લોકો તેમની સાથે હતા તેમનાથી પણ ડરી ગયેલા હતા અને જેઓ તેમની પાછળ રહી ગયા હતા તેમનાથી પણ બી ગયેલા હતા.

લાંબા સમય સુધી અમ્ર બિન અબ્દેવદે પોતાના મુકાબલા માટેના લડવૈયાની માગણી કરી અને તેના પ્રત્યેક અવાજ પર અમીરુલ મોમિનીન (અ.) જંગ કરવા માટે ઊભા થઈ ગયા. છેવટે રસૂલલ્લાહ (સ.)એ આપ (અ.)ને પોતાની પાસે બોલાવ્યા. આપ (અ.) આંહઝરત (સ.)ની નજીક આવી ગયા. આંહઝરત (સ.)એ પોતાનો અમામો પોતાના માથા ઉપરથી ઉતાર્યો અને આપ (અ.)ના સર ઉપર મૂકી દીધો અને પોતાની તલવાર આપ (અ.)ને એવું કહીને આપી કે "કાર્યને પૂર્ણ કરો." ત્યાર પછી આંહઝરત (સ.) એ ફરમાવ્યું, "અય અલ્લાહ ! એમની મદદ કર."

આપ (અ.) ઝડપથી અમ્રની તરફ તૂટી પડ્યા. આપ (અ.)ની સાથે જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી (રઝી.) પણ ગયા. જાબિર એટલા માટે ગયા હતા કે બન્નેની વચ્ચેના જંગને નજીકથી જુએ. જ્યારે અમીરુલ મોમિનીન (અ.) નજીક આવી ગયા તો અમ્ર બિન અબ્દેવદને આપ (અ.)એ કહ્યું,

"અય અમ્ર ! જાહેલિયતના દિવસોમાં તું કહ્યા કરતો હતો જ્યારે કે લાત અને ઉઝ્ઝાની પરસ્તિશ થતી હતી કે અગર કોઈ માણસ તને ત્રણ બાબતોની ફરમાઈશ કરે તો તું તેમાંથી એક બાબતને માની લઈશ."

તેણે જવાબ આપ્યો,

"હા, આ હકીકત છે."

અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું,

"હું તને દાવત આપું છું કે તું અલ્લાહની વહદાનિયતની ગવાહી આપ અને મોહંમદ (સ.)નો અલ્લાહના રસૂલ તરીકે સ્વીકાર કર અને તેમની ઈતાઅત કર."

તેણે જવાબ આપ્યો,

"મારા ભાઈના બેટા ! હું હમણાં જ તેનો જવાબ આપવા માગું છું."

અમીરુલ મોમિનીન (અ.)એ જવાબ આપ્યો,

"તું અત્યારે જ તેનો સ્વીકાર કરી લે તો બહેતર રહેશે અને પોતે જ જવાબ આપ."

ત્યાર પછી આપ (અ.)એ ફરમાવ્યું,

"આનો બીજો ઉપાય પણ છે."

"બીજો ઉપાય કયો છે ?" તેણે પૂછ્યું.

આપ (અ.)એ ફરમાવ્યું,

"તું પાછો ચાલ્યો જા કે જ્યાંથી તું આવ્યો છે."

તે બોલ્યો,

"કુરેશની સ્ત્રીઓ આ બાબતને મંજૂર નહીં રાખે."

આપ (અ.)એ ફરમાવ્યું,

"તો પછી એક બીજો ઉપાય છે."

"તે શું છે ?" તેણે પૂછ્યું.

(હઝરત અલી (અ.)એ) જવાબ આપ્યો,

"તું ઘોડા ઉપરથી નીચે ઉતરી જા અને મારી સાથે મુકાબલો કર."


અમ્ર ખડખડાટ હસ્યો અને બોલ્યો,

"મેં તો એવો કોઈ વિચાર પણ કર્યો ન હતો કે કોઈ અરબ આ રીતે મારી સામે પડકાર ફેંકવાની હિંમત કરશે. તમે એક શરીફ (સજ્જન) માણસ છો અને હું તમને કતલ કરવાનું ઈચ્છતો નથી. તદુપરાંત તમારા બાપ મારા નિકટના મિત્ર છે. તમે પાછા ચાલ્યા જાઓ, હજુ તો તમે નવજવાન છો. મારી ઈચ્છા એ છે કે મારા મુકાબલા માટે કુરેશના બે શેખ આવે કે જેમનાં નામ છે અબૂ બક્ર અને ઉમર."

હઝરત અલી (અ.)એ ખટાશપૂર્વકના સ્વરમાં જવાબ આપ્યો,

"પરંતુ હું તો તારી સાથે જંગ કરીશ."

અમ્રને ગુસ્સો આવી ગયો અને તે ઘોડા ઉપરથી નીચે કૂદી પડ્યો. તેણે પોતાના ઘોડાના મોઢા ઉપર ચાબુક ફટકાર્યો અને ઘોડો નાસી ગયો. (ક્રમશ:)

# ખુત્બો : ઇલ્મ હાંસિલ કરવું ૫

પ્રસ્તુતકર્તા : મોલ્વી મો.અકબરઅલી આગલોડીયા (ઈલોલ તલાવ)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَلۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِيۡنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيۡنَ

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

સૂરએ ઝોમર, સૂરા-૩૯, આયત-૯

...قُلۡ هَلۡ يَسۡتَوِى الَّذِيۡنَ يَعۡلَمُوۡنَ وَ الَّذِيۡنَ لَا يَعۡلَمُوۡنَ ؕ اِنَّمَا يَتَذَكَّرُ اُولُوا الۡاَلۡبَابِ ۝۹

*(કહો, શું જે લોકો જાણે છે અને જે નથી જાણતા તે બન્ને એક સરખા છે ? માત્ર બુધ્ધિ અને સમજ ધરાવનારા લોકો જ આ વાતને સમજે છે.)*

આ આયતમાં બે પ્રકારના લોકો વિષે ફરમાવામાં આવ્યું છે. એક જૂથ છે કે જેઓ કાંઈ જાણતા નથી અને બીજું જૂથ છે કે જેઓ બુધ્ધિશાળી અને સમજદાર છે. જેઓ સમજદાર છે તે જ લોકો નસીહત ગ્રહણ કરી શકે છે અને તેઓ ઈલ્મવાળા છે.

આ આયત જાહિલોની બરાબરીમાં આલિમના મુકામની અઝમતને સ્પષ્ટ કરી રહી છે. જો કે આ અસમાનતાનો ઝિક્ર સ્પષ્ટ રીતે કરવામાં આવ્યો છે તેનાથી જાણવા મળે છે કે ન તો આ બન્ને ટોળા ખુદાની બારગાહમાં સમાન છે કે ન તો મખ્લૂકની નજરમાં સમાન છે. તે બન્ને ન તો દુનિયામાં એક હરોળમાં ઊભા રહી શકે છે કે ન તો આખેરતમાં એક હરોળમાં ઊભા રહી શકે છે, ન જાહેરમાં સમાન છે કે ન તો બાતિનમાં સમાન છે.

દરેક રીતે જાહિલ અને અજ્ઞાની લોકોથી તાલિબે ઈલ્મ શ્રેષ્ઠ અને બહેતર છે. હકીકતમાં ઈલ્મ આપનારા અને મેળવનારા લોકો જ ફાયદો ઉઠાવનારા છે. એક હદીસમાં રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે, "જિંદગીનો બે માણસો સિવાય કોઈને ફાયદો પહોંચતો નથી, એક તે આલિમ કે જેને તેની તાલીમનો સવાબ મળે છે અને લોકો તેની ઈતાઆત કરે છે અને બીજો તે તાલિબે ઈલ્મ કે જે આલિમની વાતોને કાન ધરીને સાંભળે છે અને તેના ઉપર અમલ કરે છે."

આ બધી વાતોથી જાણવા મળે છે કે આપણે આપણી જાતમાં જોવું રહ્યું કે આપણે ઈલ્મથી દૂર તો નથી ને ? અને આપ (સ.)ના શબ્દો પ્રમાણે ફાયદો મેળવનારા લોકોમાંથી બાકાત તો નથી ને ? હર હંમેશ આપણે ઈલ્મની ઈચ્છા કરતા રહેવું જોઈએ.

અબૂ હમ્ઝા સિમાલીથી રિવાયત છે કે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "પ્રત્યેક સવારે તમે આ ત્રણમાંથી એક જરૂર બનો, કાં તો આલિમ બનો કે કાં તો તાલિબે ઈલ્મ (ઈલ્મ મેળવનાર), કાં તો તાલિબે ઈલ્મ (ઈલ્મ મેળવનાર)ના દોસ્ત બનો. તે સિવાય અન્ય ન બનો નહીંતર તમે તેમની અદાવતમાં

હલાક થઈ જશો."

એક બીજી હદીસમાં જમીલથી રિવાયત છે કે, "હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, લોકો ત્રણ પ્રકારના હોય છે : (૧) આલિમ (૨) તાલિબે ઈલ્મ (ઈલ્મ મેળવનારા) (૩) સામાન્ય લોકો. તો તે આલિમ અમે છીએ અને ઈલ્મ પ્રાપ્ત કરવાવાળા અમારા શીઆઓ છે અને તે સિવાયના સાધારણ લોકો છે કે જે પૃથ્વી પરના જીવજંતુઓની જેમ જીવનને વેડફી રહ્યા છે."

આ હદીસોથી જાણવા મળે છે કે આપણે હંમેશાં જ્યાં સુધી પણ જીવન જીવીએ ઈલ્મની તલબમાં રહેવું જોઈએ અને ક્યારેય તેનાથી મોં ફેરવવું જોઈએ નહીં. દરરોજ પોતાનામાં જોતા રહેવું જોઈએ કે હું તાલિબે ઈલ્મ અને તાલિબે ઈલ્મનો દોસ્ત છું કે નહીં ? ઈલ્મ એક ઊંડો સમુદ્ર છે કે જેનો કોઈ અંત નથી. જેટલા પ્રમાણમાં આપણે તેમાં ઊંડા ઊતરીએ તેટલા પ્રમાણમાં તેનો અંત પામી શકવાના નથી એટલે કે જિંદગીની પૂર્ણ કોશિશના અંતે આપણા માટે ઈલ્મનો એ જ ભાગ વધારે હશે કે જે આપણે જાણ્યો નહીં હોય.

હા, મોમિનીન અને મોમિનાત ! આપણે જાણીએ છીએ કે કોઈ પણ કોમના અસ્તિત્વને ટકાવી રાખવા માટે અને પ્રગતિ કરવા માટે ઈલ્મને હાંસિલ કરવું જરૂરી છે.

રસૂલ (સ.)એ પણ ફરમાવ્યું છે, "દરેક મુસલમાન પુરુષ અને સ્ત્રી ઉપર ફરજ છે કે ઈલ્મ હાંસિલ કરે." એટલે કે આપણને જોઈએ કે દીની તેમજ શૈક્ષણિક બન્ને પ્રકારનું ઈલ્મ આપણે મેળવીએ અને તે શક્ય છે કારણ કે અલ્લાહે આપણી ખિલ્કત ફરમાવી છે અને તે જાણે છે કે આપણે શું કરી શકીએ છીએ.

ઈલ્મ આપણે આવી રીતે હાંસિલ કરી શકીએ છીએ : (૧) બીજા લોકોને જોઈને (૨) તેમની સારી ટેવોને અનુસરીને (૩) તેમની ભૂલોથી સબક લઈને અને (૪) કોઈ કિતાબ વાંચીને કે અન્ય કોઈ જગ્યાએથી કે જેમાંથી સારી વાતો યાદ રાખીને. ખાસ કરીને આપણે આવી બધી વાતો ઘર, સ્કૂલ, મસ્જિદ, મદ્રેસા, વગેરે જેવી જગ્યાએથી શીખીએ છીએ.

આપણે એ ન ભૂલવું જોઈએ કે ઈસ્લામમાં ઈલ્મ મેળવવા ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે અને તેમાં ઈલ્મ મેળવનાર અને અને ઈલ્મ મેળવીને તેને વહેંચનાર (આલિમ) બન્નેને બિરદાવવામાં આવ્યા છે અને અલ્લાહ અને તેના રસૂલ અને અઈમ્મા (અ.) તરફથી તેના અસંખ્ય ફાયદાઓ અને સવાબ બતાવવામાં આવ્યા છે.

હઝરત અલી (અ.) ફરમાવે છે કે, "અય લોકો ! જાણી લો કે તમારા દીનની ખૂબી એમાં જ છે કે ઈલ્મ પ્રાપ્ત કરો અને તેના ઉપર અમલ કરો. તમારા માટે ઈલ્મની પાછળ જવું દોલત પાછળ જવા કરતાં વધુ જરૂરી છે."

જે લોકો ઈલ્મ તરફ આગળ વધનારા છે તેમના વિષે બયાન કરતાં રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે કે, "જે માણસ એવા લોકોને જોવા માગતો હોય કે જેઓ આગથી મુક્ત છે, તો તેણે ઈલ્મ મેળવનારાઓ તરફ જોવું જોઈએ"

એટલે કે જે ઈલ્મ મેળવવા આગળ વધે છે તે ઈલ્મ દ્વારા સારી ભલાઈઓ પ્રાપ્ત કરે છે અને તે

ઈલ્મની રોશનીમાં નેકીથી નજીક અને બૂરાઈથી દૂર રહેવામાં કામયાબ થાય છે. ઈલ્મની મદદથી અલ્લાહની ફરમાબરદારી અને ઈબાદત થાય છે, સગપણની જાળવણી થાય છે અને હલાલ અને હરામની પરખ થાય છે. ઈલ્મ અમલ તરફ દોરી જાય છે અને તેના પછી અમલ આવે છે. નસીબદાર ઈલ્મથી પ્રેરણા મેળવે છે જ્યારે અભાગી તેનાથી વંચિત રહે છે."

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "જે શખ્સ ઈલ્મની પ્રાપ્તિ માટે કોઈ એવો રસ્તો ઈખ્તિયાર કરે કે જેનાથી કોઈ ઈલ્મ હાંસિલ કરે તો અલ્લાહ તેને એવા રસ્તા તરફ લઈ જાય છે કે જે જન્નત તરફ જાય છે. ફરિશ્તાઓ પોતાની પાંખોને તાલિબે ઈલ્મ માટે બિછાવી દે છે અને આસમાનો અને જમીનમાં જે કંઈ છે તે તાલિબે ઈલ્મ માટે મગ્ફેરત કરે છે કારણ કે તેઓ એનાથી રાજી થાય છે એટલે સુધી કે સમુદ્રની માછલીઓ પણ ઈલ્મના તલબગાર માટે ઈસ્તિગ્ફાર કરે છે."

નહ્જુલ બલાગામાં મૌલા અલી (અ.) ઈલ્મ વિષે ફરમાવે છે કે, "દરેક પાત્ર, તેમાં જે ભરવામાં આવે છે તેના લીધે તે સંકોચાઈ જાય છે જ્યારે તે પાત્ર કે જેની અંદર ઈલ્મનો સમાવેશ કરવામાં આવે છે તે ઈલ્મને લીધે વિસ્તૃત થઈ જાય છે."

આપ (અ.) આગળ ઈલ્મ વિષે વધુમાં ફરમાવે છે કે, "ઈલ્મ જેટલો નફાકારક બીજો કોઈ ખજાનો નથી અને ઈલ્મ જેવો પ્રતિષ્ઠાનો બીજો કોઈ સ્ત્રોત નથી."

આ હદીસો વડે આપણને જાણવા મળ્યું કે ઈલ્મનો શું મરતબો છે ? આપણે જાણ્યું કે ઈલ્મના તલબગારનો રસ્તો જન્નતનો રસ્તો છે. તેના માટે ફરિશ્તાઓ દુઆ કરે છે, જમીન અને આસમાન વચ્ચેની દરેક વસ્તુ અને સમુદ્રની માછલીઓ પણ તેના માટે ઈસ્તિગ્ફાર કરે છે, આગથી દૂર રહે છે, દીન કામિલ થાય છે, નેકીઓ મળે છે, બૂરાઈ દૂર થાય છે, વગેરે.

એક વખતે એક સ્ત્રીએ જનાબે ફાતેમા ઝહરા (અ.)ની ખિદમતમાં આવીને અરજ કરી કે, "મારી માતા વૃધ્ધ છે. એના તરફથી હું આપને અમુક પ્રશ્નો પૂછવા ચાહું છું. મને મારી માતાએ આ પ્રશ્નો માટે આપની સેવામાં મોકલી છે." જનાબે સૈયદા (અ.)એ કહ્યું, "જરૂર પૂછો." તે સ્ત્રીએ એક સવાલ કર્યો કે જેનો જનાબે સૈયદા (અ.)એ જવાબ આપ્યો. એમ એક પછી એક દસ પ્રશ્નો પૂછ્યા અને દરેક પ્રશ્નનો જનાબે સૈયદા (અ.)એ જવાબ આપ્યો. પેલી સ્ત્રીને એવું લાગ્યું કે સવાલો વધી ગયા છે તેથી શરમિંદા થઈને બોલી, "હવે હું આપને વધારે જહેમત આપવાનું પસંદ કરતી નથી." જનાબે સૈયદા (અ.)એ ફરમાવ્યું, "તમારે જે પૂછવું હોય તે પૂછો. જો કોઈ માણસને કહેવામાં આવે કે અમુક સામાન મકાનની છત ઉપર પહોંચાડી દો કે જેના બદલામાં સોનાની એક લાખ અશરફી આપવામાં આવશે, તો શું તે માણસ તેની મજદૂરીની આ કિંમતને ઓછી સમજશે ?" પેલી સ્ત્રીએ કહ્યું, "હરગિઝ નહીં." જનાબે સૈયદા (અ.)એ ફરમાવ્યું, "હું તને જે મસાએલ બતાવી રહી છું તે દરેક મસઅલાના બદલામાં જમીન અને આસમાન તેમજ તેની વચ્ચે જેટલું અંતર છે તે બધું જવેરાતથી ભરેલું હોય તેટલો બદલો મને મળી રહ્યો છે. જ્યારે એક લાખ સોનાની અશરફીના બદલામાં છત સુધી સામાન પહોંચાડનારો મજૂર પોતાના માટે બોજ નથી સમજતો, તો હું આગળ વર્ણવેલ અજ્રના બદલામાં મસાએલના જવાબ આપવામાં જહેમત કેમ સમજું ? જ્યારે મજૂરનું

કામ તો ખૂબ જ શ્રમનું છે અને મારું કામ તો આસાન છે.

"મેં મારા વાલિદે મોહતરમ રસૂલે ખુદા (સ.)ને એમ ફરમાવતાં સાંભળ્યા છે કે, ''કયામતના દિવસે અમારા શીઆ આલિમોને તેમના ઈલ્મ અને હિદાયતના પ્રમાણમાં અલ્લાહ તઆલા તરફથી ઉમદા લિબાસ પહેરાવવામાં આવશે. તદુપરાંત દરેક આલિમને દસ લાખ નૂરાની આભૂષણો આપવામાં આવશે, પછી રબ્બુલ આલમીન તરફથી એક અવાજ આપનારો જાહેર કરશે કે અય આલે મોહંમદના યતીમોની સરપરસ્તી કરનારાઓ ! જ્યારે તેઓ પોતાના બાપદાદા અર્થાત્ ઈમામોથી વિખૂટા પડેલા હતા તે સમયે તમે તેઓને રૂહાની માર્ગદર્શન આપ્યું હતું, આજે તેઓ હાજર છે. દુનિયામાં તેઓએ તમારી પાસેથી જેટલા પ્રમાણમાં ઈલ્મ હાંસિલ કર્યું હતું તેટલા પ્રમાણમાં તેઓને જન્નતી પોશાક અતા કરો.

"પછી આલિમો પોતાના શાગિર્દોને તેમણે મેળવેલા ઈલ્મના પ્રમાણમાં જન્નતી પોશાકો અતા કરશે અને તેઓમાં એવા શાગિર્દો પણ હશે કે જેમને એક લાખ આભૂષણો આપવામાં આવશે, પછી એ શાગિર્દોના પણ શાગિર્દોને નૂરાની આભૂષણો આપવામાં આવશે. આમ આ સિલસિલો જારી રહેશે. જ્યારે તમામ શાગિર્દોનો સિલસિલો પૂરો થઈ જશે ત્યારે કુદરતની નિદા બુલંદ થશે કે હવે એટલા જ પ્રમાણમાં શીઆઓને પણ નૂરાની આભૂષણો આપવામાં આવશે જેટલા પ્રમાણમાં તેમના શાગિર્દોને આપવામાં આવ્યા. જ્યારે એટલા પ્રમાણમાં આલિમોને મળશે તો ફરી અલ્લાહનો હુકમ થશે કે એને બમણું કરીને આપવામાં આવશે."

પછી જનાબે ફાતેમા ઝહરા (અ.)એ પેલી સ્ત્રીને કહ્યું, "યાદ રાખો કે એ નૂરાની પોશાકનો એક તાર આ દુનિયા કરતાં લાખ ઘણો બહેતર છે. આખી દુનિયાની નેઅમત તેની સરખામણી નથી કરી શકતી કારણ કે દુનિયાની તમામ નેઅમતો મુસીબતો અને દુઃખથી ઘેરાયેલી છે."

આ રિવાયતે આપણને બતાવ્યું કે ઈલ્મ આપવાનો ઘણો સવાબ છે એટલે કે પોતે ઈલ્મ મેળવીને જે બીજાઓને શીખવે છે, અલ્લાહ તઆલા તેનો તેને અઢળક સવાબ આપે છે કે જેની ગણતરી થઈ શકતી નથી અને અલ્લાહના તે મહાન બદલાને કોઈની સાથે સરખાવી શકાતો નથી. અલ્લાહ આપણને તે ઈલ્મ મેળવનારા અને અન્યને તે ઈલ્મ શીખવનારા બનાવે.

અંતમાં, આપણે એ પણ જાણી લઈએ કે જ્યારે પણ ઈલ્મને હાંસિલ કરીએ તો બાબે ઈલ્મથી, ઈલ્મના દરવાજાથી હાંસિલ કરીએ. ખુદ ઈલ્મના શહેરના દરવાજા મૌલા અલી (અ.) ફરમાવે છે કે, "દીન ઈલ્મ વગર કામિલ થઈ શકતો નથી. તમારા ઉપર ઈલ્મને પ્રાપ્ત કરવું દોલતથી પણ વધારે જરૂરી છે કારણ કે રોજી તમારા માટે નક્કી થઈ ચૂકી છે અને ખુદાએ રોજીનો વાયદો કર્યો છે તે જરૂર પૂરી કરશે અને ઈલ્મ તો અહલે ઈલ્મને સુપ્રત કરવામાં આવ્યું છે અને તમને હુકમ કરવામાં આવ્યો છે કે તેને ત્યાંથી હાંસિલ કરો અને અહલે ઈલ્મથી મુરાદ મોહંમદ વ આલે મોહંમદ છે."

એટલે કે અલ્લાહે મોહંમદ વ આલે મોહંમદને ઈલ્મ સુપ્રત કર્યું છે. તેમને અલ્લાહે ઈલ્મના ખજાના બનાવ્યા છે, માટે આ ઈલ્મને મેળવવા આપણે ઈલ્મના ખજાના તરફ જવું જોઈએ અને આપણને મોહંમદ વ આલે મોહંમદના દરવાજાથી ઈલ્મનો ભરપૂર ફૈઝ મળશે.

અતાએ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી છે કે હું અલ્લાહની કસમ ખાઈને કહું છું કે અલ્લાહે ઈલ્મના દસ ભાગ કર્યા તેમાંથી નવ ભાગ મૌલા અલી (અ.)ને અતા કર્યા છે અને એક જ ભાગ દુનિયાને આપ્યો છે અને તેમાં પણ મૌલા અલી (અ.)નો ભાગ છે.

અલ્લાહનો લાખ લાખ શુક્ર છે કે તેણે આપણને મોહંમદ વ આલે મોહંમદ સાથે જોડી દઈને ઈલ્મનો ભરપૂર ફાયદો પહોંચાડવાનો બંદોબસ્ત કર્યો છે અને સાથે સાથે એની કૃપા અને મહેરબાની જુઓ તો ખરા, તે અઈમ્મા (અ.)ના ઈલ્મનો ફૈઝ અમારા સુધી પહોંચાડવા પીરાને તરીકતના સિલસિલાનો બંદોબસ્ત કર્યો છે. આજે આપણી કોમ ખુશનસીબ છે કે અલ્લાહે પીરના માધ્યમથી સાચું ઈલ્મ મેળવવાની સુંદર વ્યવસ્થા કરેલ છે.

હવે જો આપણે આ ઈલ્મ મેળવવાના રસ્તામાં કુરઆનના બતાવેલા રસ્તાને તેમજ અઈમ્મા (અ.) એ બતાવેલા નૈતિક મૂલ્યોને સમજીને, જીવનમાં અપનાવીને, આગળ વધીશું તો ક્યારેય ઠોકર ખાઈશું નહીં અને આપણે શિક્ષણક્ષેત્રમાં પણ કામયાબ થયેલા ગણાઈશું અને દીની તેમજ દુન્યવી ઈલ્મમાં સફળ થઈશું. એવા કામયાબ કે અંગ્રેજી પણ સારી રીતે બોલતા હોઈશું, અને અંગ્રેજી જ કેમ ? આજે તો દુનિયા વિકાસ પામી રહી છે, તો સારી રીતે અરબી, ફારસી, વગેરે ભાષાઓ શીખી તેમના માધ્યમથી સારું એવું ઈલ્મ મેળવીશું કે જે આપણી નેકીઓમાં, આપણી સમજણમાં અને આપણી નૈતિકતામાં પણ વધારો કરશે અને ઈન્શાઅલ્લાહ દીની ઈલ્મથી વધુને વધુ આપણી જાતને સજાવતા રહીશું.

અંતમાં દુઆ માગીએ :

- અય અલ્લાહ ! તું મોહંમદ વ આલે મોહંમદના વસીલાથી અમારા દિલોમાં ઈલ્મ હાંસિલ કરવાનો વધુને વધુ શોખ પેદા કરજે.
- અય ખુદા ! ઈલ્મ હાંસિલ કર્યા પછી તેના ઉપર અમલ કરનારા બનાવજે.
- અય માઅબૂદ ! અમને ઈલ્મનું મહત્વ સમજવાવાળા બનાવજે.
- અય બારે ઈલાહા ! તેના સાચા અહલથી તું અમને હંમેશાં ઈલ્મનો ફૈઝ પહોંચાડતો રહેજે.
- અય પાલનહાર ! દીની તેમજ દુન્યવી બન્ને પ્રકારના ઈલ્મમાં અમને કામયાબ કરજે.
- અય રબ્બુલ આલમીન ! અમારા પીરો મુરશિદના અમને સાચા તાબેદાર બનાવજે... આમીન.


Abbas Ali 9925637429
Manjur Ali 9662238925

JYOTI ELECTRIC
જ્યોતિ ઈલેક્ટ્રીક

ઘર, હોટલ, રેસ્ટોરેન્ટ, ગેસ્ટહાઉસ, તથા ઓફિસના ઈલેક્ટ્રીક માલ-સામાન અમારા ત્યાં વ્યાજબી ભાવે મળી રહેશે.

ઈસ્ત્રી, હીટર અને ગ્રીઝર મળશે.

Hi-Fi MODULAR
RR KABEL
Rapid Electric accessories
Finolex Cables Limited
Crompton Greaves EVERYDAY SOLUTIONS


(ગામ : સેદ્રાણાવાળા)

જી-૮૦, સામર્થ કોમ્પલેક્ષ,
હોટલ સિધ્ધાર્થની સામે, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.

# નન્હે રોઝેદાર હિજરી સન ૧૪૩૪


ઈરફાનાફાતેમા મંજુરઅલી
માતા : તાહેરાબાનુ (પેટલાદ)
ઉં.વ. ૪ રોઝા : ૧


ઉઝમાફાતમા નિયામતઅલી
માતા : નજમાબેન (પીંપોદર)
ઉં.વ. ૪.૫ રોઝા : ૧



શાહિદઅલી નજરઅલી
માતા : સાકેરાબાનુ (મેતા)
ઉં.વ. ૫ રોઝા : ૪


સાજેદાફાતેમા મુમ્તાઝહૈદર
માતા : ઝૈનબબાનુ (કઠોર)
ઉં.વ. ૫ રોઝા : ૧


રિઝવાનઅલી મોહસિનઅલી
માતા : ફિઝ્ઝાબેન (ધોળકા)
ઉં.વ. ૫ રોઝા : ૧


ફૈઝાનઅલી મોહસિનઅલી
માતા : ફિઝ્ઝાબેન (ધોળકા)
ઉં.વ. ૫ રોઝા : ૧


મૈસમઅલી અકબરઅલી
માતા : અનીસાબાનુ (મહેરપુરા)
ઉં.વ. ૫.૬ રોઝા : ૨


સાબેરાફાતેમા અકબરશા
માતા : સબાનાબેન (જેઠીપુરા)
ઉં.વ. ૬ રોઝા : ૧૫


સફદરહુસૈન સાબિરહુસૈન
માતા : – (ઈલોલ તલાવ)
ઉં.વ. ૬ રોઝા : ૬


જાફરહુસૈન અકબરઅલી
માતા : મહેમૂદાબેન
ઉં.વ. ૬ રોઝા : ૨


સાલેહાફાતેમા ઇસ્માઈલભાઈ
માતા : હમેદાબેન (મહેરપુરા)
ઉં.વ. ૬ રોઝા : ૨


મુનીરાફાતેમા હસનઅલી
માતા : નજમાબેન (મહેરપુરા)
ઉં.વ. ૭ રોઝા : ૨૯


સરવરહુસૈન મોહસિનઅલી
માતા : ફિઝ્ઝાબેન (ધોળકા)
ઉં.વ. ૭ રોઝા : ૨૯


તાહેરાફાતેમા મહેમૂદઅલી
માતા : સાકેરાબાનુ (મહેરપુરા)
ઉં.વ. ૮ રોઝા : ૩


કુરબાનહુસૈન અનવરઅલી
માતા : કુલસૂમબેન (બાદરપુર)
ઉં.વ. ૧૩ રોઝા : ૨૯


ઇકરામહુસૈન સાબિરહુસૈન
માતા : સુગરાબેન (ઈલોલ ત.)
ઉં.વ. ૧૩ રોઝા : ૨૯


અબ્બાસઅલી (જેઠીપુરાવાળા)
મો. ૯૯૯૮૮ ૯૪૯૬૯
**કોમ્પ્યુટર ટાઈપીંગ**
અમારે ત્યાં વેચાણ, બાનાખત, વીલ, હક કમી પાવર ઓફ એર્ટની વિગેરે તથા સોગંદનામા અરજીઓ લખી આપવામાં આવશે.
**ઓનલાઈન ફોર્મ ભરી આપવામાં આવશે.**
ડી.જે.માર્કેટ, ઈન્દ્રપ્રસ્થ શો–રૂમની સામે, આદર્શ લેડીઝ ટેલર્સની બાજુમાં – ઈડર


તમામ નન્હે રોઝેદારોને જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન

# કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૭૯ સૂરએ નાઝેઆત**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **(અય રસૂલ !) તે લોકો તને કયામત સંબંધી પૂછ્યા કરે છે કે તેનો સમય કયો ઠરાવવામાં આવ્યો છે ? (૪૨)**

**(પણ) તે (સમય) દેખાડવાની તને શી પડી છે? (૪૩)**

**(કહે કે) તેનું અંતિમ જ્ઞાન તારા ખુદા તરફ જ છે. (૪૪)**

**તું (માત્ર) તે શખ્સને ડરાવનારો છે કે જે (કયામત)થી ડરતો હોય. (૪૫)**

**જે દિવસે તેઓ તેને નિહાળશે ત્યારે (તેમને) એવું લાગશે કે તેઓ (દુનિયામાં વધુ) થોભ્યા જ નથી પણ એક સાંજ અથવા સવાર. (૪૬)**

અય હબીબ ! તને લોકો કયામત વિષે પૂછે છે કે ક્યારે થશે ? તો જાણ કે કયામતના ઈલ્મમાં તને દખલ નથી, આખરી જ્ઞાન તારા ખુદા પાસે છે તેમના માટે કયામતનો સમય જાણવો કોઈ ફાયદાકારક નથી. તું તેમને કયામતથી ડરાવનારો છે કે જેઓ ડર રાખતો હોય. જ્યારે કયામતને ઝૂટલાવનારા અને તેનાથી ન ડરનારા કયામતને જોશે ત્યારે એવું લાગશે કે તેઓ જગતમાં વધુ થોભ્યા જ નથી, માત્ર સાંજ અથવા સવાર.

**સૂરા નં.૮૦ સૂરએ અબસ**

૪૨ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

**તે (રસૂલ) એ ભ્રકુટી ચઢાવી અને આ મોઢું ફેરવી લીધું, (૧)**

**(૨) કે (જે વેળા) તેની પાસે એક આંધળો આવી ચઢ્યો. (૨)**

عَبَسَ وَ تَوَلّٰى : તફસીરકારોએ عَبَسَ અને وَتَوَلّٰى ના કરનારા હઝરત રિસાલત મઆબ (સ.) છે અને એના ઉતરવાની શાન આવી રીતે વર્ણવી કે એક વેળા હઝરત નબીએ કરીમ (સ.) કુરેશના સરદારોને ઈસ્લામની દાવત દઈ રહ્યા હતા અને એ પાંચ માણસો હતા. અતબા બિન રબીયા, અબૂ જહલ, અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ, ઉબી અને ઉમય્યા બિન ખલ્ફ. એ લોકોની સાથે આપ (સ.) વાતચીતમાં પરોવાયેલા હતા કે આપના અંધ સહાબી અબ્દુલ્લાહ બિન ઉમ્મે મક્તૂમ આવી પહોંચ્યા અને એમણે સાદ આપીને રજા માગી કે અમૂક મસાઈલ પૂછે, પણ આપ એ વખતે કુરેશી સરદારોની ખુશી ચાહી રહ્યા હતા કે કદાચ તેમનામાંથી કોઈ ઈસ્લામ લઈ આવે. આથી આપ (સ.)એ અંધ સહાબીની વિનંતી તરફ લક્ષ આપ્યું નહીં અને કુરેશીઓ સાથેની વાતચીત ચાલું રાખી. આપને મનમાં થયું કે ક્યાંક કુરેશ એવું ન કહે કે ગુલામ વર્ગ અને અંધ લોકો જ હુઝૂર (સ.)ના કલેમા પઢનારા છે. આથી આ આયત

ઉતરી કે જેમાં આપને ઠપકો મળ્યો.

અલ્લામા સૈયદ મુર્તઝા આલેમુલ હુદા ફરમાવે છે કે આ રિવાયતમાં હુઝૂર રિસાલત મઆબ (સ.)ની શાન ઘટાડવામાં આવી છે અને કુરઆનના સ્પષ્ટ ફરમાનની અવગણના છે, કેમકે એમાં મોઢું બગાડવાનો ઉલ્લેખ છે. જો કે હુઝૂર (સ.) તો કાફિરો સાથે પણ બદમિજાજીથી વર્તતા ન હતા. તો પછી સહાબા સાથેની બદમિજાજી કેવી ? આ આયતમાં હુઝૂર (સ.)ના માલદાર લોકોની તરફ ઢળવાનો ઉલ્લેખ છે. જો કે આપ સદ્‌ગુણો અને સદાચારોના માલિક હતા અને ગરીબ વર્ગ પ્રત્યે દુર્લક્ષ સેવવું આપનું કામ ન હતું અને 'ઈન્નકા લઆલા ખોલોકિન અઝીમ'ની આયત આ વિષયનો નકાર કરવા માટે પૂરતી છે. વળી એવું કરનાર તરીકે હુઝૂર (સ.)ને ઠેરવવા પર કોઈ ખાસ માર્ગદર્શન પણ નથી. આથી મજકૂર રિવાયત સ્વીકારવા જેવી નથી. ખરી રિવાયત તો એ છે કે જે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી વર્ણન કરવામાં આવી છે કે એક શખ્સ કે જેનો સંબંધ બની ઉમય્યા સાથે હતો નબવી સેવામાં મોજૂદ હતો તેવામાં અબ્દુલ્લાહ બિન ઉમ્મે મકતૂમ આવી પહોંચ્યા તો એ ઉમવી શખ્સ તે અંધ સહાબીને જોઈને ઈર્ષા કરવા લાગ્યો અને એણે પોતાનાં કપડાં સમેટી લીધાં કે જેથી એ અંધને અડી ન જાય. આથી ખુદાવંદે કરીમે એ ઉમવીનો ઉલ્લેખ કર્યો અને અંધ સહાબીની પ્રશંસા કરી. તફસીરે બુર્હાનમાં ઉલ્લેખ છે અને ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત છે કે અબ્દુલ્લાહ બિન ઉમ્મે મકતૂમ જ્યારે પણ નબવી સેવામાં આવતા હતા, આપ (સ.) એમની ખૂબ ઈજ્જત કરતા હતા.

**ત્યાર પછીની આયતોનો અનુવાદ : અને તને શી ખબર કે કદાચને તે પાવન થઈ જાય. (૩)**

**અથવા બોધ ગ્રહણ કરે તો તે બોધ તેને લાભ પહોંચાડે ? (૪)**

وَمَا يُدْرِيكَ : આ હવે હુઝૂરની તરફ કહેવાયું છે કે જો દુનિયાપરસ્ત લોકો ગરીબોથી નફરત કરે અને એમને ધિક્કારની નઝરે જુએ તો આપ એની પરવા ન કરો દેખીતું છે કે કોઈને શું માલુમ કે એ જ અંધ પાક બાતિલ હોય કે નસીહતને સાંભળીને કબૂલ કરે અને લાભ ઉઠાવે. يُدْرِيكَમાં સંબોધન જો કે આપને છે, પણ એ ઉમ્મતનો દરેક જણ હોઈ શકે છે. (ક્રમશ:)


**ફ્લેટ વેચવાનો છે.**

૧૨૫ વાર, 2 BHK,
Al Arsh 3,
TP 85, રીંગ રોડ, સરખેજ, અમદાવાદ.
મો. 8733062814



**એહસાનઅલી એચ. બધરા**
(હૈદરપુરા)
મો. ૯૫૩૭૬૭૨૧૭૨
મો.૯૫૩૭૬૬૭૪૧૪
ઓ. ૦૨૭૬૬ ૨૩૪૭૮૯

કમ્પ્યૂટર તેમજ લેપટોપનું રિપેરીંગ કામ સંતોષકારક કરી આપવામાં આવશે.

**આશિષ ઇન્ફોટેક**

**કમ્પલિટ કોમ્પ્યૂટર સોલ્યુશન**

*❋ કોમ્પ્યૂટર સેલ્સ એન્ડ સર્વિસ*
*❋ નેટવર્કીંગ, પેરીફેરલ્સ ❋ લેપટોપ રીપેરીંગ*
*❋ એન્યુઅલ મેઈનટેનન્સ ❋ સીસીટીવી કેમેરા*
*❋ સોફ્ટવેર*

દુ.નં.૪, સંતોકબા હોલની બાજુમાં,
રાજમહેલ રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી દ્વારા સંપાદિત 'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**એ કુદરતી આસાર (ચિહ્નો)નું વર્ણન કે ઈમામ હુસૈન (અ.)ની શહાદતથી જોનારાઓની ઈબ્રતના માટે નમૂદાર થયા.**

(૬) ઉસ્માન બિન અબી શૈબા (રહે.અ.) પોતાની મસ્નદમાં લખે છે કે ઈમામ હુસૈન (અ.) ની શહાદત પર સાત દિવસ સુધી આસમાન સતત રડતું રહ્યું. ભીંતોને જોતા હતા તો જાણે કે કોઈએ રંગેલી ચાદરો હોય અને નિ:શંકપણે દુનિયા ઉપર ત્રણ દિવસ સુધી અંધારું છવાઈ ગયું. ત્યાર પછી આસમાન પર સુરખી (રતાશ) નમૂદાર થઈ.

(૭) અબી સઈદ કહે છે કે તે દિવસે દુનિયાનો કોઈ પથ્થર એવો ઉપાડવામાં ન આવ્યો કે જેની નીચેથી તાજું લોહી ન નીકળ્યું હોય અને આસમાનથી ખૂન ન વરસતું રહ્યું હોય અને તેની અસર એક મુદ્દત સુધી કપડાં પર રહી એટલે સુધી કે કપડાં ફાટી ગયાં.

(૮) જ્યારે ઈમામ હુસૈન (અ.)નું સર મુબારક ઝિયાદના મહેલમાં લાવ્યા તો દીવાલોમાંથી ખૂન વહેવા લાગ્યું.

(૯) શોઅલ્બી (રહે.અ.) કહે છે કે ઈમામ હુસૈન (અ.)ની શહાદત ઉપર આસમાન રડતું રહ્યું અને તેનું રડવું સુરખીનું નમૂદાર થવું છે અને શોઅલ્બી સિવાય અન્ય લોકોએ લખ્યું છે કે આસમાનના કિનારા આપના કતલ પછી છ મહિના સુધી સુર્ખ (રાતા રંગના) રહ્યા ત્યાર પછી હંમેશાં તે સુરખી નમૂદાર થવા લાગી.

(૧૦) ઈબ્ને સીરીન (રહે.અ.) કહે છે કે અમને ખબર પડી કે આ સુરખી કે જે શફકની સાથે છે તે ઈમામ હુસૈન (અ.)ના કતલ પહેલાં ન હતી.

(૧૧) ઈબ્ને સઅદ પોતાની કિતાબ તબ્કાતમાં લખે છે કે આ સુરખી આસમાન પર ઈમામ હુસૈન (અ.)ની શહાદતના પહેલાં જોવામાં આવી નહોતી.

(૧૨) સિબ્ત ઈબ્ને જૌઝી (રહે.અ.) તઝકિરતુલ ખવાસ અલ અમ્મામાં લખે છે કે આ સુરખીના નમૂદાર હોવામાં હિકમત એ છે કે ગઝબ મોઢાને સુર્ખ (રાતું) કરી દે છે અને અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા શરીર હોવાથી પાક છે તેથી તેનો ગઝબ તે લોકો ઉપર છે કે જેમના હાથે ઈમામ હુસૈન (અ.) શહીદ થયા. હમ્રતુલ અફકના પૈરાયામાં જાહેર થયા છે.

(૧૩) અમ્માર બિન યાસિર (રઝી.અ.)થી રિવાયત છે કે જનાબે રિસાલત મઆબ (સ.) ફરમાવતા હતા કે આસમાન યહ્યા બિન ઝકરિયા (અ.)ના કતલ પર રડતું રહ્યું છે અને મારા બેટાના

કતલથી રડતું રહેશે અને સૂર્ય ચાલીસ દિવસ સુધી સુર્ખ (રાતો) રહેશે અને તેને રજા આપવામાં આવે તો તે ઓગળી જાય અને આંહઝરત (સ.)ના બેટાથી મુરાદ હુસૈન બિન અલી (અ.) છે.

**જનાબે હુસૈન (અ.)ના ફઝાએલનું વર્ણન**

(૧) ઈમરાન બિન સુલયમાનથી રિવાયત છે કે આંહઝરત (સ.) ફરમાવતા હતા કે હસન અને હુસૈન બન્ને નામ જન્નતના લોકોના નામોમાંથી છે. અરબે જાહેલિયતમાં આવાં નામ કદી નથી રાખ્યાં.

(૨) અસ્કરી કહે છે કે જાહેલિયતમાં આ નામોને કોઈ જાણતું ન હતું.

(૩) મુફઝ્ઝલ કહે છે કે હસન અને હુસૈનના નામોને અલ્લાહે છૂપાં રાખ્યાં ત્યાં સુધી કે આંહઝરત (સ.) પોતાના બેટાઓનાં આ નામ ન રાખી લે.

(૪) ઈમામ નિસાઈ અને દયાની અને ઝિયા હોઝૈફા (રઝી.અ.)થી અબૂ યઅલી, અબૂ સઈદ અને ઈમામ અહમદ અને તિરમિઝી અને ઈબ્ને હુબાન બન્ને સહાબીઓથી અને ઈબ્ને માજા ઈબ્ને ઉમરથી અને ઈબ્ને અદી અબ્દુલ્લાહ બિન મસઊદથી અને હાકિમ ચારેય સાહેબોથી અબૂ તઈમ જનાબે અલી (અ.)થી અને તિબરાની તેમનાથી અને ઈબ્ને ઉમર અને હોઝૈફા અને અબૂ સઈદ અને અબૂ હુરૈરા અને જાબિર અને બરાએ બિન આઝિબ અને ઉસામા બિન ઝૈદ અને માલિક બિન અલ હવીરસ (રઝી.અ.)થી દયલમી અનસ અને ઈબ્ને અસાકિર જનાબે અલી (અ.) અને તેમના ફરઝંદે અર્જમંદે જનાબે હુસૈન (અ.) અને ઉમ્મુલ મોમિનીન જનાબે આઈશા અને ઉમરૂ અને ઈબ્ને અસાકિર અને અબી રમસાથી અને ઈબ્ને અલ નજ્જાર અબી હુરૈરા અને ઈમામ હુસૈન (અ.)થી રિવાયત કરે છે કે તેહકીકપૂર્વક આંહઝરત (સ.)એ ફરમાવ્યું છે કે, "હસન (અ.) અને હુસૈન (અ.) જન્નતના જવાનોના સરદાર છે." અને અબૂ યઅલી અને ઈબ્ને હુબાન અને હાકિમે પોતાની રિવાયતોમાં અબૂ સઈદ ખુદરી (રઝી.અ.)થી અને અબૂ નઈમે જનાબે અલી (અ.) થી અને તિબરાની બન્ને સાહેબોથી રિવાયત કરે છે કે, આ શબ્દોમાં વધારો કરે છે કે આંહઝરત (સ.)એ એવું પણ ફરમાવ્યું કે મારી માસીના બેટાઓ ઈસા બિન મરયમ અને યહ્યા બિન ઝકરિયા સિવાય અને ઈબ્ને માજાએ ઈબ્ને ઉમર અને હાકિમે તેમનાથી અને ઈબ્ને મસઊદથી અને તિબરાનીએ માલિક બિન હવીરસથી અને દયલમીએ અનસ અને ઈબ્ને અસાકિરે જનાબે અલી (અ.) અને ઈબ્ને ઉમરથી સરવરે આલમ (સ.)ના કોલ મુબારક પછી આ વધારે રિવાયત કરી છે કે, "તેમના વાલેદૈન તેમનાથી અફઝલ છે." વળી એક રિવાયતમાં તિબરાનીએ જે ઉસામા (રઝી.અ.)થી કરી છે તેમાં અહલેજન્નત શબ્દ પછી આવા શબ્દની રિવાયત કરી છે કે, "અય મારા પરવરદિગાર ! હું આ બન્ને સાથે મોહબ્બત કરું છું, તું પણ આ બન્ને સાથે મોહબ્બત રાખ." અને ઈબ્ને અસાકિરની નજીક આવા શબ્દો મરવી છે કે આપ (સ.)એ ફરમાવ્યું, "જે માણસ આ બન્નેની સાથે મોહબ્બત કરશે તે મારાથી મોહબ્બત કરે છે અને જે કોઈ એમની સાથે બુગ્ઝ રાખશે તે મારી સાથે બુગ્ઝ રાખે છે." અને દયલમીએ અબૂ હુરૈરાથી રિવાયત કરી છે કે, "જે માણસ હસન અને હુસૈન સાથે મોહબ્બત કરે છે તેણે મારી સાથે મોહબ્બત કરી અને જેણે તેમની સાથે બુગ્ઝ રાખ્યું તેણે મારી સાથે બુગ્ઝ રાખ્યું." (ક્રમશઃ)




**'બોસ્તાન'માંથી ચૂંટેલી પંક્તિઓ**

## ACCEPTANCE (સ્વીકાર)

یکی پیش شوریده حالی نبشت
که دوزخ تمنّا کُنی یا بهشت؟
بگفتا: مپرس از من این ماجرا
پسندیدم آنچ او پسندد مرا

**યકી પેશ શૂરીદા હાલી નબશત
કે દોઝખ તમન્ના કુની યા બહિશ્ત?
બગુફ્તા : મપુરસ અઝ મન ઈન માજરા
પુસનદીદમ આંચ અવ પુશનદદ મરા**

*(કોઈએ એક દુર્દશાગ્રસ્ત માણસને પૂછીને કહ્યું, શું તમે દોઝખ ઈચ્છો છો કે જન્નત ? તેણે જવાબ આપ્યો, આવી બાબતોમાં મને સવાલ ન પૂછો કેમકે તે (અલ્લાહ) મને આપવા માટે જે મંજૂર કરશે તેને હું સહર્ષ સ્વીકારી લઈશ.)*

## ACCOMPLISHMENT (સિદ્ધિ)

اگر هست مرد از هنر بهره ور
هنر خود بگوید، نه صاحب هنر
اگر مشک خالص نداری، مگوی
ورت هست، خود فاش گردد به بوی
به سوگند گفتن که زر مغربیست
چه حاجت؟ محک خود بگوید که چیست

**અગર હસ્ત મર્દ અઝ હુનર બહરાવર
હુનર ખૂદ બગૂયદ, ન સાહેબે હુનર
અગર મુશ્ક ખાલિસ નદારી, મગવી,
વરત હસ્ત, ખૂદ ફાશ ગર્દદ બે બવી
બે સોગંદ ગુફ્તન કે ઝર મગર બીસ્ત
ચે હાજત ? મહક ખૂદ બગૂયદ કે ચીસ્ત**

*(જે કોઈ માણસ સિધ્ધિથી સંપન્ન હોય તો તે પોતે નહીં, પરંતુ તેની સિધ્ધિ જ જાતે બોલવા લાગશે. જો તમે શુધ્ધ મુશ્ક (કસ્તૂરી) ન ધરાવતા હો તો તમારે તેની જાહેરાત કરવાની કોઈ જરૂર નથી, પરંતુ જો તમે તે ધરાવતા હો તો કસ્તૂરી પોતે જ પોતાની સંગંધનો ઢંઢેરો પીટશે. તમારી પાસેનું સોનું સો ટચનું શુધ્ધ છે એવા સોગંદ ખાવાની તમારે શી જરૂર છે ? કસોટીનો પથ્થર પોતે જ તેની ઓળખ પ્રગટ કરી દેશે.)*

## ADMINISTRATION (સંચાલન/વહીવટ)

دو تن، پرور ای شاه کشورگشای
یکی اهل رزم و دگر اهل رای
هرآن کو قلم را نورزید و تیغ
بر او گر بمیرد، مگو ای دریغ
قلمزن نکو دار و شمشیرزن
نه مطرب، که مردی نیاید ز زن
نه مردیست دشمن در اسباب جنگ
تو مدهوش ساقی و آواز چنگ
بسا اهل دولت به بازی نشست
که دولت برفتش به بازی ز دست

**દો તન, પરૂર અઈ શાહ કશૂર ઘસાઈ
યકી અહલે રઝમ વ દિગર અહલ રાઈ
હર આન કો કલમ રા નૂરઝીદ વ તેગ
બર અવ ગર બ મીરદ, મગૂ અય દરીગ
કલમઝન નકૂદાર વ શમશીરઝન
ને મતરબ, કે મર્દી નયાયદ ઝ ઝન**

**ને મર્દીસ્ત દુશ્મન દર અસબાબ જંગ**
**તૂ મદહોશ સાકી વ આવાઝ ચંગ**
**બસ અહલે દોલત બે બાઝી નશસ્ત**
**કે દોલત બરફતશ બે બાઝી ઝ દસ્ત**

*(અય વિજયી સમ્રાટ ! તારે બે પ્રકારના માણસોનો આશરો મેળવવો જોઈએ : તેમનામાંનો એક માણસ એ છે કે જે દ્વંદ્વયુધ્ધ લડવામાં અનુભવી હોય અને બીજો માણસ એ છે કે જે દુરંદેશી અને સમજદાર હોય. એવા માણસ માટે વિલાપ ન કર કે જે કલમ ચલાવતો હોય કે તલવાર ચલાવતો હોય. તારા રાજ્યમાં સમજદાર અને તલવારબાજ માણસને આશરો આપ કેમકે મર્દાનગી સ્ત્રીઓમાંથી આવી શકતી નથી. જ્યારે દુશ્મન લડવા માટે તારા દરવાજે આવીને તૈયાર બેઠો હોય ત્યારે સંગીતના સૂરોમાં અને સાકીએ આપેલા જામમાં મદહોશ થઈ જવું એ તારા માટે નામર્દાનગી છે. ઘણા દોલતમંદ બાદશાહોએ રમતગમતમાં અને આનંદપ્રમોદમાં પોતાનાં રજવાડાં ગુમાવી દીધાં છે.)*

**આ અંકમાં નીચેની મોમિન–ભાઈ બહેનોએ બનાવેલ ડિઝાઈનનો ઉપયોગ કરવામાં આવેલ છે :**

(૧) મોલ્વી રજબઅલી ગાંધી (કેસીપ્પા)
(૨) નરગિસબાનું અધારીયા (શેરપુરા)
(૩) અહમદઅબ્બાસ બાલવા (નૂર આર્ટ)(સેદ્રાણા)
(૪) ઝાહેદાફાતેમા એમ. ઢાબરા (બાદરપુર)
(૫) હબીબાબેન ભગત (સુથાર) (બાદરપુર)


**વેટરનરી ડોક્ટર**



**ડો. નજરઅલી હૈદરઅલી માંકણોજીયા**
(B.V.Sc. & A.H.)

- Graduate in 2005
- ૭ વર્ષનો Field Practice નો અનુભવ
- દરેક પશુઓને લગતા દરેક પ્રકારના રોગોની સારવાર માટે સંપર્ક કરો.

**મો. ૯૯૭૮૭૬૯૬૫૧**

ગામ : કાકોશી, તા. સિધ્ધપુર, જિ. પાટણ

**મેડીકલ સ્ટોર્સ કોન્ટ્રાક્ટથી ચલાવવા આપવાનો છે.**

- પંદર વર્ષનો જૂનો તથા સારો નફો કરતો.
- અમદાવાદ શહેરમાં.

મો. 9879144858

શૌકતભાઈ – ૯૪૨૮૩ ૮૪૨૮૬
ફૈઝઅહેમદ – ૯૭૧૪૭ ૬૪૧૯૪
દુકાન – ૯૭૨૨૯ ૦૧૪૬૦

દશાવાડાવાળા
**અપના કટલરી સ્ટોર**

હોલસેલર : કટલરી, હોઝયરી, રમકડાં, વિગેરે

ઈ–૧૫, મહાવીર કોમ્પલેક્ષ, યશ હોસ્પિટલ નજીક, વાલીયા ચોકડી, જી.આઈ.ડી.સી.
અંકલેશ્વર – ૩૯૩ ૦૦૨

Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

- **Expression** (ચહેરાનો દેખાવ / મુખમુદ્રા)

  Apart from grey hair and wrinkes, how young you look mostly depends upon your facial expressions. You could look a lot younger by merely correcting your facial expressions. Which, incidentally, reflect what's in your heart.

  સફેદ વાળ અને કરચલીઓ હોવા છતાં, તમે કેવા યુવાન લાગો છો તેનો મુખ્ય આધાર તમારા ચહેરાના દેખાવ ઉપર છે. પોતાના ચહેરાના માત્ર દેખાવમાં ફેરફાર કરીને તમે ખૂબ વધારે યુવાન દેખાઈ શકો. તમારા દિલમાં જે હોય છે તે સાહજિક રીતે જ ચહેરા પર દેખાતું હોય છે.

- **Scepticism** (નાસ્તિકતા)

  It's a wrong notion that one needs to be a sceptic in order to acquire knowledge. In fact it's curiosity, not scepticism, which has brought about advancement in science. It's only when a scientist gives up scepticism and looks for new avenues to explore, that the scientific knowledge advances.

  એ ખ્યાલ ખોટો છે કે ઈલ્મ પ્રાપ્ત કરવા માટે કોઈએ નાસ્તિક બનવાની જરૂર પડે છે. હકીકતમાં તો તે જિજ્ઞાસાવૃત્તિ છે, નાસ્તિકતા નથી કે જેણે વિજ્ઞાનમાં ઉન્નતિ સાધી છે. ફક્ત ત્યારે જ કે જ્યારે કોઈ વૈજ્ઞાનિક નાસ્તિકતાનો ત્યાગ કરી દે છે અને શોધખોળ માટેના નવા માર્ગોની શોધ કરે છે તો જ વૈજ્ઞાનિક જ્ઞાન ઉન્નતિ કરે છે.

- **Preemption** (અમુક વસ્તુ તેના વાસ્તવિક ભાવે ખરીદ કરવાનો અગ્રહક્ક)

  Preemption is a much better option than prediction. When you can preempt, don't bother to predict.

  વસ્તુને તેના વાસ્તવિક ભાવે ખરીદ કરવાનો અગ્રહક્ક, ભાવિકથન કરતાં વધારે સારો વિકલ્પ છે. જ્યારે તમે વસ્તુને તેના વાસ્તવિક ભાવે ખરીદ કરવાનો અગ્રહક્ક ધરાવી શકતા હો તો ભાવિકથન કરવાની ચિંતા ન કરો.

- **Imagination** (કલ્પના/ધારણા)

  Imagine something and get it. If you can't even imagine, forget it!

  કોઈ વસ્તુની ધારણા કરો અને તેને પ્રાપ્ત કરી લો. જો તમે ધારણા પણ કરી શકતા ન હો તો પછી તેને ભૂલી જાઓ.

- **Doomsday** (કયામતનો દિવસ)

  Could it be that with polar ice melting, there would be just a single continent - or part of it - left sustaining the entire population of earth, in time to come? Doomsday, then, would be just the final jolt of earthquake on that continent killing the entire human race. God forbid.

  શું એવું બની શકે કે આગામી દિવસોમાં ધ્રુવ ઉપર આવેલો બરફ આંગળી જતાંની સાથે જ માત્ર એક જ ખંડ બાકી રહી જાય અથવા તો તેનો કોઈ ભાગ બાકી રહી જાય કે જે પૃથ્વીની સમગ્ર વસ્તીનો ભાર વહન કરી લે ? તો પછી કયામતનો દિવસ પણ પૃથ્વીના ખંડ ઉપર ધરતીકંપનો માત્ર છેલ્લો ઝટકો જ હશે કે જે મઆઝલ્લાહ સમગ્ર માનવજાતને મારી નાખશે.

- **Bitterness of Truth?** (સત્યની કડવાશ ?)

  Truth is beauty itself. Anything beautiful in this world either reflects the beauty of Truth or imitates it. It's your perversion or ugliness which makes you perceive Truth otherwise.


  સત્ય પોતે જ સુંદર છે. આ દુનિયાની કોઈ પણ વસ્તુ કાં તો સત્યની સુંદરતાનું પ્રતિબિંબ પાડે છે કે કાં તો તેની નકલ કરે છે. એ તો તમારી વિકૃતિ અથવા તો કુરૂપતા છે કે જે તમને સત્યને તેનાથી ઉલટું દેખાડે છે.

- **News and Reality** (સમાચારો અને વાસ્તવિકતા)

  There's someone in the society who is unscrupulous enough to commit the most unheard of crimes, is news. There are thousands in the society who lead a moral and socially desirable life, is reality.

  સમાજમાં એકાદ એવો હોય છે કે જે કદી સાંભળ્યા ન હોય એવા અપરાધો આચરવા માટે અલ્લાહથી ન ડરનારો હોય છે તેનું નામ જ સમાચાર. સમાજમાં એવા તો હજારો જણા છે કે જે નૈતિક અને સમાજ માટે ઈચ્છવાયોગ્ય જીવન જીવતા હોય છે અને તેનું નામ છે વાસ્તવિકતા.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**



# મીર અનીસના મરસિયા

## મરસિયા–૨

## مرثیہ-۲

**ખાતૂને જન્નત હઝરત ફાતેમા ઝહરા (અ.) અને સાનીએ ઝહરા હઝરત ઝૈનબ (અ.)ની વિશેષતા તેમજ પોતાના બન્ને પુત્રોને ઇમામ હુસૈન (અ.) પર ફિદા થવાની તેમની તાકીદ**

**ઔન (અ.) અને મોહંમદ (અ.)ની શહાદત**

خاتونِ جنّت حضرت فاطمہ زہراؑ اور ثانیِ زہرا حضرت زینبؑ کی توصیف اور حضرت زینبؑ کی اپنے بیٹوں کو امام عالی مقامؑ پر فدا ہونے کی تاکید

**عونؑ و محمدؑ کی شہادت**

કયા પેશે ખુદા સાહેબે તૌકીર હૈ ઝહરા
ખાતૂને જિનાં માલિકે તત્હીર હૈ ઝહરા
ઉમ્મૂલ હસન વ માદરે શબ્બીર હૈ ઝહરા
સર તા બા કદમ નૂર કી તસ્વીર હૈ ઝહરા
શૌહરકો જો પૂછો તો શહેનશાહે અરબ હૈ
બેટી હૈ નબીકી યે હસબ હૈ યે નસબ હૈ

کیا پیش خدا صاحبِ توقیر ہے زہراؑ
خاتونِ جناں مالکِ تطہیر ہے زہراؑ
ام الحسنؑ و مادرِ شبّیرؑ ہے زہراؑ
سر تا بہ قدم نور کی تصویر ہے زہراؑ
شوہر کو جو پوچھو تو شہنشاہِ عرب ہے
بیٹی ہے نبیؑ کی یہ حسب ہے یہ نسب ہے

(હઝરત ફાતેમા ઝહરા (અ.)ની અલ્લાહની સન્મુખ કેવી ઈજ્જત છે ! હઝરત ફાતેમા ઝહરા (અ.) જન્નત તેમજ 'તત્હીર'નાં માલિક છે. આપ (અ.) ઈમામ હસન મુજતબા (અ.) અને ઈમામ હુસૈન (અ.)નાં માતા છે. આપ (અ.) માથાથી લઈને પગ સુધી નૂરની તસ્વીર છે. જો એમના શોહર વિષે પૂછતા હો તો તેઓ અરબના શહેનશાહ છે. આપ (અ.) નબી (સ.)નાં દીકરી છે. આપ (અ.)નો હસબ–નસબ (મા–બાપનું કુળ) તો આવો છે.)

હક્કા કે શરાફતમેં વો મરયમ સે સવા હૈ
ઝીનત કે લિયે અર્શ પે નામ ઉસકા લિખા હૈ
બાબા કા યે રુત્બા હૈ કે મહેબૂબે ખુદા હૈ
વારિસ વો હૈ સબ ખલ્કકા જો ઉકદાકુશા હૈ
બેટે હૈ વો દોનોં કે શફીએ દો જહાં હૈ
ઈસ તર્હ કે રુત્બે કિસી બીબી કે કહાં હૈ

حقّا کہ شرافت میں وہ مریمؑ سے سوا ہے
زینت کے لیے عرش پہ نام اس کا لکھا ہے
بابا کا یہ رتبہ ہے کہ محبوبِ خدا ہے
وارث وہ ہے سب خلق کا جو عقدہ کشا ہے
بیٹے ہیں وہ دونوں کہ شفیعِ دو جہاں ہیں
اس طرح کے رتبے کسی بی بی کے کہاں ہیں

(સાચું તો એ છે કે સજ્જનતાની બાબતમાં આપ (અ.) બીબી મરયમની બરોબરીમાં છે. અર્શના શણગાર માટે આપ (અ.)નું નામ અર્શ પર લખેલું છે. આપ (અ.)ના પિતાનો રુત્બો એવો છે કે આપ (સ.) અલ્લાહના મહેબૂબ છે. આપ (અ.)ના સરપરસ્ત તો એવા છે કે જે આખી દુનિયાના ઉકદાકુશા (સમસ્યાઓને ઉકેલનાર) છે. તે બન્નેના ફરઝંદો બન્ને જહાનની શફાઅત કરનારા છે. આવા પ્રકારનો રુત્બો કોઈ બીબીનો ક્યાં છે ?)

| | |
|---|---|
| **ઔસાફમેં સબ ખલ્ક અગર એક ઝબાં હો** | اوصاف میں سب خلق اگر ایک زباں ہو |
| **ઝહરાકી બુઝુર્ગી ન બયાં હો ન બયાં હો** | زہراؑ کی بزرگی نہ بیاں ہو نہ بیاں ہو |
| **ગર ચાહેં કે ઈસ્મતકા કુછ અહેવાલ અયાં હો** | گر چاہیں کہ عصمت کا کچھ احوال عیاں ہو |
| **તો શાહિદે મઝમૂં પસે પર્દા હી નિહાં હો** | تو شاہدِ مضموں پسِ پردہ ہی نہاں ہو |
| **જિસ તર્હ કે હયરાં હૈ બશર હમ્દે ખુદા મેં** | جس طرح کہ حیران ہیں بشر حمدِ خدا میں |
| **આજિઝ હૈ ઈસી તર્હસે ઝહરા કી સના મેં** | عاجز ہیں اسی طرح سے زہراؑ کی سنا میں |

(ખૂબીઓ કહેવાની બાબતમાં આખું ય જગત એક મત થઈને બોલે તો પણ જનાબે ફાતેમા ઝહરા (અ.)ની બુઝુર્ગીને વર્ણવી ન શકે. જો તમે ઈચ્છો કે ઈસ્મત (પાકીઝગી)નો કોઈ અહેવાલ બયાન કરવામાં આવે તો વિષયનો ગવાહ પડદાની પાછળ જ છુપાઈ જાય. જેવી રીતે માનવી ખુદાની હમ્દ કરવાની બાબતમાં હેરત અનુભવે એવી જ રીતે જનાબે ફાતેમા (અ.)ની પ્રશંસા કરવામાં પણ લાચાર છે.)

| | |
|---|---|
| **તશવીશ યહી તબ્અકો હંગામે રકમ હૈ** | تشویش یہی طبع کو ہنگامِ رقم ہے |
| **તા'રીફ જો કુછ ઝહનમેં આતી હૈ વો કમ હૈ** | تعریف جو کچھ ذہن میں آتی ہے وہ کم ہے |
| **ઈક નૂરે ઈલાહી  કી સના બસ કા અહમ હૈ** | اِک نور الٰہی کی سنا بسکہ اہم ہے |
| **સજ્જાદાએ કિરતાસ પે સજ્દેમેં કલમ હૈ** | سجادۂ قرطاس پہ سجدے میں قلم ہے |
| **તૌસીફ ન ખામે સે હૈ મુમ્કીન ન ઝબાંસે,** | توصیف نہ خامے سے ہے ممکن نہ زباں سے |
| **તહરીરસે અફઝૂં હૈ ઝિયાદા હૈ બયાંસે.** | تحریر سے افزوں ہے زیادہ ہے بیاں سے |

(લખતી વખતે ખૂબ જ પરેશાની થાય છે. મનમાં જે કંઈ તા'રીફ આવે છે તે ઓછી છે. અલ્લાહના નૂરની પ્રશંસા કરવી ખૂબ મુશ્કેલ છે. કાગળ રૂપી મુસલ્લા ઉપર કલમ સજદામાં ઝુકી ગઈ છે. આપ (અ.)નાં

વખાણ ન તો કલમથી શકય છે કે ન જીભથી. આપનાં વખાણ લખાણથી ય વધીને છે અને વર્ણન કરવા કરતાંય અધિક છે.)

**માંબાપ પે વાજિબ નહીં ઔલાદકી તકરીમ** ماں باپ پہ واجب نہیں اولاد کی تکریم

**ઈસ અમ્રમેં સબ ખલ્ક પે ઝહરાકો હૈ તકદીમ** اس امر میں سب خلق پہ زہراؑ کو ہے تقدیم

**લિખ્ખા હૈ કે જબ આતી થી ઝહરા પએ તસ્લીમ** لکھا ہے کہ جب آتی تھیں زہراؑ پئے تسلیم

**ખુદ ઉઠ કે રસૂલે અરબી કરતે થે તા'ઝીમ** خود اُٹھ کے رسولِؐ عربی کرتے تھے تعظیم

**અલ્તાફે મોહંમદ હો યે જિસ બાબે કરમ પર** الطافِ محمدؐ ہو یہ جس بابِ کرم پر

**દરવાઝા ગિરા દેં ઈસી બીબીકે શિકમ પર** دروازہ گرا دیں اسی بی بی کے شکم پر

(આમ તો ઓલાદનો આદર કરવો કંઈ માબાપ ઉપર વાજિબ નથી. આ કાર્યમાં પણ આખી દુનિયામાં જનાબે ફાતેમા (અ.)ને શ્રેષ્ઠતા પ્રાપ્ત છે. એવું લખ્યું છે કે જ્યારે જનાબે ફાતેમા ઝહરા (અ.) પોતાના પિતાને સલામ પેશ કરવા આવતાં હતાં ત્યારે ખુદ રસૂલે અરબી (સ.) તેમની તા'ઝીમ માટે ઊભા થઈ જતા હતા. જેમના ઘરના દાનશીલ દરવાજા ઉપર મોહંમદ (સ.)ની આવી મહેરબાની હોય એવી બીબીના મુબારક પેટ ઉપર દરવાજો તોડી પાડવામાં આવ્યો.)

**કયા હઝરતે ખાતૂને કયામત કા હૈ રુત્બા** کیا حضرتِ خاتونِ قیامت کا ہے رُتبا

**વો ઝાહિદા હે ફખ્ર મોહંમદ કો હૈ જિસકા** وہ زاہدہ ہے فخر محمدؐ کو ہے جس کا

**ખાતે હૈ મોહંમદ કસમ હઝરતે ઝહરા** کھاتے ہیں محمّدؐ قسم حضرتِ زہراؑ

**હૈ દામને પાક ઉસકા મોહંમદ કા મુસલ્લા** ہے دامنِ پاک اس کا محمّدؐ کا مصلّا

**વો રૂહસે તાહિર હૈ તો પાકીઝા હૈ જાં સે** وہ روح سے طاہر ہے تو پاکیزہ ہے جاں سے

**કૌસર સે વુઝૂ કર લે તો લે નામ ઝબાં સે** کوثر سے وضو کر لے تو لے نام زباں سے

(ખાતૂને કયામત હઝરત બીબી ફાતેમા (અ.)નો કેવો મર્તબો છે કે આપ (અ.) ઝાહિદા છે એ બાબતનો મોહંમદ (સ.)ને ગર્વ છે. મોહંમદ (સ.) પણ હઝરતે ઝહરા (અ.)ની કસમ ખાય છે. મા ફાતેમા (અ.)નો પાક દામન મોહંમદ (સ.)નો મુસલ્લો છે. આપ (અ.) રૂહથી તાહિર (પવિત્ર) છે તો જીવથી પણ પાકીઝા છે. કૌસરના પાણીથી વુઝૂ કરી લો તો પણ તેમનું નામ જીભથી લઈ લો.) (ક્રમશ:)




## વસિયત વિષે

(ગતાંકનું ચાલુ)

**પોતાની વસિયતમાં ફેરફાર કરવા વિષે :**

હસન બિન અલી બિન ફઝ્ઝાલે અલી બિન ઉક્બાથી, તેમણે બરીદ અજ્લીથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું, વસિયત કરનારને હક છે કે તેના ઉપર બીજી નજર ફેરવી લે અને જ્યાં સુધી જીવતો હોય ત્યાં સુધી પોતાની વસિયતમાં ફેરફાર કરી લે. (૫૪૫૭)

મોહંમદ બિન અબી ઉમૈરે બકીર બિન અઐનથી, તેમણે ઉબૈદ બિન ઝરારાથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને ફરમાવતા સાંભળ્યા. આપ ફરમાવી રહ્યા હતા કે, વસિયત કરનારને એ હક છે કે પોતાની વસિયતમાં ફેરબદલ, રદબાતલ કરે ભલેને તે તંદુરસ્તીમાં હોય કે ભલેને તે બીમારીની હાલતમાં હોય. (૫૪૫૮)

યૂનુસ બિન અબ્દુર્રહમાને અબ્દુલ્લાહ બિન મસ્કાનથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે. આપ (અ.)એ બયાન ફરમાવ્યું કે, હઝરત અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબીતાલિબ (અ.)એ ફેંસલો ફરમાવ્યો કે ગુલામે મુદબ્બિર (બુધ્ધિશાળી ગુલામ)ની પણ એક તૃત્યાંશ ૧/૩ વસિયતમાં ગણતરી કરવામાં આવશે અને જ્યાં સુધી તે માણસ મર્યો ન હોય તેને હક છે કે પોતાની વસિયતને તોડી નાખે અને તેમાં વધારો કરી દે અથવા ઘટાડો કરી દે. (૫૪૫૯)

અને યૂનુસ બિન અબ્દુર્રહમાને પોતાની સનદોથી બયાન કર્યું છે કે હઝરત ઈમામ અલી ઈબ્નુલ હુસૈન (અ.)એ ફરમાવ્યું કે પોતાની વસિયતમાં ફેરફાર કરી લે, જેને મિલકતોમાં રાખવાની વસિયત કરી છે તેને આઝાદ કરવાની વસિયત કરી દે અને જેને આઝાદ કરવાની વસિયત કરી છે તેના ઉપર બીજી નજર કરી શકે છે. (૫૪૬૦)

**એ માણસ કે જેણે એક તૃત્યાંશ કરતાં વધારેની વસિયત કરી દીધી, તેના વારિસો ગવાહ હતા તેમણે ઈજાઝત આપી દીધી. શું એ વારિસોને કોઈ હક છે ખરો કે તેના મર્યા પછી તેની વસિયતને તોડી નાખે? :**

હમ્માદ બિન ઈસાએ હરીઝથી, તેમણે મોહંમદ બિન મુસ્લિમથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે એક એવા માણસની બાબતમાં કે જેણે વસિયત કરી અને તેના વારિસો ગવાહ હતા. તે લોકોએ ઈજાઝત આપી દીધી, પરંતુ જ્યારે તે મરી ગયો તો તે વારિસોએ તે વસિયતને તોડી નાખી. શું તેમને હક છે કે તેઓ તે વસિયતને રદ કરી દે કે જેનો તેમણે ઈકરાર કર્યો હતો ? આપ (અ.)એ ફરમાવ્યું, તેમને તેનો હક નથી જ્યારે કે મરવાવાળાની જિંદગીમાં તે લોકોએ ઈકરાર કરી લીધો હતો. તેમના ઉપર આ વસિયત વાજિબ છે.

અને સફવાન બિન યહ્યાએ પણ મન્સૂર બિન હાઝિમથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી આના જેવી જ રિવાયત કરી છે. (૫૪૬૧)

**વસિયતને અમલમાં મૂકવી વાજિબ અને એમાં ફેરફાર કરવાની મનાઈ છે. :**

હમ્માદ બિન ઈસાએ હરીઝથી, તેમણે મોહંમદ બિન મુસ્લિમથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.) થી પૂછયું કે શું કોઈ માણસે પોતાના માલની ફી સબીલિલ્લાહ વસિયત કરી દીધી. આપ (અ.)એ ફરમાવ્યું, તેને આપી દો કે જેના માટે તેણે વસિયત કરી છે, ભલેને તે યહૂદી હોય, કે નસરાની, અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

فَمَنْ بَدَّلَهٗ بَعْدَ مَا سَمِعَهٗ فَاِنَّمَآ اِثْمُهٗ عَلَى الَّذِيْنَ يُبَدِّلُوْنَهٗ ...

(સૂરએ બકરા, આયત–૧૮૧)

*(પછી તે વસિયતને સાંભળ્યા પછી તેમાં ફેરફાર કરે તો તેનો ગુનો તે લોકો ઉપર છે કે જેઓ તેમાં ફેરફાર કરે.)* (૫૪૬૨)

આ કિતાબના મુસન્નિફ (અ.ર.) ફરમાવે છે કે તેનો ૧/૩ માલ.

સહલ બિન ઝિયાદે મોહંમદ બિન વલીદથી, તેમણે યૂનુસ બિન યાકૂબથી રિવાયત કરી છે કે એક માણસ હમ્દાનમાં હતો. તેને બતાવવામાં આવ્યું કે તારો બાપ મરી ગયો છે. તેને તેની માહિતી ન હતી કે તેમણે એક વસિયત કરી છે અને વસિયત એ છે કે કંઈક ફી સબીલિલ્લાહ આપી દેવામાં આવે, તો આની બાબતમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછવામાં આવ્યું અને બતાવવામાં આવ્યું કે તેને ખબર ન હતી અને તેણે મરતી વખતે વસિયત કરી. આપ (અ.)એ ફરમાવ્યું, અગર કોઈ માણસ મને વસિયત કરે કે હું તેનો માલ કોઈ યહૂદીને અથવા નસરાનીને આપી દઉં તો હું તેને આપી દઈશ. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે પછી જો કોઈ બદલી નાખે વસિયતને તેના પછી કે જે સાંભળી ચૂકયો હોય તો તેનો ગુનો એના ઉપર છે કે જેમણે તેને બદલી નાખી હોય. તેથી બીજાઓની તરફ જુઓ કે આ પ્રકારનો કોણ નીકળે છે અને તેની પાસે મોકલી દો. (૫૪૬૩)

અબીતાલિબ અબ્દુલ્લાહ બિન સલ્ત કુમીથી રિવાયત છે. તેમનું બયાન છે કે ખલીલ બિન હાશિમ કે જે એ વખતે નીશાપુરના વાલી હતા, તેમણે ઝી અર્રીયાસતીનને પત્ર લખ્યો કે મજૂસીઓ (અગ્નિપૂજકો)માંથી એક માણસ મરી ગયો. તેણે પોતાના માલમાંથી કંઈક ફકીરોને આપવાની વસિયત કરી તો જેને વસિયત કરી હતી, તે માલ લઈને નીશાપુર આવ્યો અને મુસલમાન ફકીરોને આપી ગયો તો ખલીલે ઝી અર્રીયાસતીનને આ બાબતે પત્ર લખ્યો તો તેણે મામૂનને પૂછયું તો તેણે પૂછયું, મારી પાસે તેનો ઉકેલ નથી. તેણે હઝરત ઈમામ અબૂલ હસન (અ.)ને પૂછયું તો ઈમામ અબૂલ હસન (અ.)એ ફરમાવ્યું કે અગ્નિપૂજક (મજૂસી) મુસલમાન ફકીરો માટે કદી વસિયત કરશે નહીં, પરંતુ હવે મુનાસિબ એ છે કે માલે સદકામાંથી એટલા પ્રમાણમાં માલ લઈને મજૂસી ફકીરોને પરત કરી દેવામાં આવે. (૫૪૬૪)

**માણસની અંદર જ્યાં સુધી જરાક જેટલી પણ રૂહ હોય, તે પોતાના માલનો વધારે હકદાર છે.**

શોઅલ્બા બિન મયમૂને અબી અલહસન સાબાતીથી, તેમણે અમ્માર બિન મૂસાથી રિવાયત

***બસ હુઝ્નમે નાઉમીદી ખાકમેં મિલ જાયેગી***
***યહ જો એક લઝ્ઝત હમારી સઈએ લાહસિલમેં હૈ.***
***—ગાલિબ***

કરી છે. તેમનું બયાન છે કે તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને ફરમાવતા સાંભળ્યા છે કે આપ (અ.) એવું ફરમાવતા હતા કે માલ ધરાવનાર વ્યક્તિ પોતાના માલનો સૌથી વધારે હકદાર છે. જ્યાં સુધી તેનામાં જરાક જેટલી પણ રૂહ હોય તે તેને જ્યાં ઈચ્છે ત્યાં વાપરે. (૫૪૬૫)

અબ્દુલ્લાહ બિન જબલાએ સમાઆથી, તેમણે અબી બસીરથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે. રાવીનું બયાન છે કે મેં આંજનાબ (અ.)થી અરજ કરી કે એક માણસનો છોકરો મોજૂદ છે. શું તેના માટે એ જાઈઝ છે કે તે પોતાનો માલ પોતાના કરાબતદારોમાંથી જેના માટે ઈચ્છે નક્કી કરી દે ? આપ (અ.)એ ફરમાવ્યું, માલ તેનો છે. પોતાના મોત સુધી તેને જ્યાં ઈચ્છે ત્યાં વાપરે.

મુસન્નિફ (અ.ર.) ફરમાવે છે કે તેનાથી આપ (અ.)ની મુરાદ એ છે કે તે પોતાની જિંદગીમાં પોતાના માલમાંથી જેટલો ઈચ્છે, કોઈને પણ આપી દે અથવા સઘળો માલ કોઈને હદિયો (ભેટ) કરી દે અને જેને હુબ્બા (બક્ષિસ) કરેલ હોય તેને સોંપી દે, પરંતુ અગર વસિયત કરે છે તો તેને હક નથી કે એક તૃત્યાંશથી વધારે માટે વસિયત કરે અને તેનું સમર્થન આ હદીસથી થાય છે. (૫૪૬૬)

## શબ્દ પરિચય

### દુર્રા

**દુર્રા :** (درّة) દુર્રા અરબી ભાષાનો શબ્દ છે. તેના અર્થ આ મુજબ થાય છે : (૧) મોતી (૨) રત્ન (૩) ચામડાનો ચાબૂક, ચાબખો. **દુર્રા અફશાની** – મોતી લૂંટાવવાં, દાનશીલતા **દુર્રા અફશાં** (૧) મોતી લૂંટાવનાર, દાની, સખી (૨) મધુરભાષી, મીઠી વાણીવાળો **દુર્રદાના** –મોતીનો દાણો, એક પ્રકારનું મોતી **દુર્રાબચ્ચ** કાનમાં પહેરવાનું એક મોતી **દુર્રે ખુશઆબ** –સારી ચમકવાળું મોતી, કિંમતી મોતી, ઉમદા શેઅર **દુર્રે નજફ** (૧)એક પ્રકારનો સફેદ કિંમતી પથ્થર (૨) (મૂળ સૈયદ વંશની) ખાનદાની **દુર્રે નાયાબ** – અપ્રાપ્ય મોતી, સુપુત્ર **દુર્રે નાસુફ્તા** –કાણા વગરનું મોતી, કુંવારી સ્ત્રી **દુર્રે પડના** – ચાબખાનો માર પડવો, કોરડાની સજા થવી. **દુર્રે યક્તા** – એવું મોતી કે જે છીપમાં એક જ હોય જેના કારણે મોટું હોય. **દુર્રે યતીમ** – છીપ ફોડીને કાઢવામાં આવેલું મોતી, હઝરત મોહંમદ (સ.)નો ઈલ્કાબ **દુર્રે શહવાર** – બાદશાહોના લાયક મોતી **દુર્રે મકનૂન** – જેને સંતાડીને રાખવામાં આવે તેવું મોતી, બહુમૂલ્ય મોતી.

**ગડમથલ નં.૨૫૨નો ઉકેલ**

આડી ચાવીઓ : (૧) ખાદિમ (૩) સબર (૫) બાઝૂ (૬) કાસિદ (૭) સદકા (૮) નરમ (૧૦) રઝમ (૧૨) તફ (૧૪) સકર (૧૬) ચરાગ (૧૮) કલ (૧૯) કસમ (૨૦) સમૂદ (૨૧) ઈરમ (૨૩) નકીબ (૨૫) મધ (૨૭) કબર (૨૯) ખતરા (૩૧) નાકા (૩૨) દહર (૩૩) નગીના ઊભી ચાવીઓ : (૧) ખાતુન (૨) મકામ (૩) સદર (૪) રસમ (૫) બાકાત (૯) રફીક (૧૧) ઝખીરા (૧૩) ફસલ (૧૪) સફાઈ (૧૫) રકમ (૧૬) ચમન (૧૭) ગસબ (૧૮) કદમ (૨૨) રકાબ (૨૪) કીમત (૨૬) ધમાકા (૨૭) કદ (૨૮) રદ (૨૯) ખર (૩૦) રાન (૩૧) નાના

# આપણા ઘરની વાતો

**● જુહાપુરા, સરખેજ, પાલડી અને શાહઆલમ જમાતમાં યોજાયેલ ઈદ મિલનનો કાર્યક્રમ :**

ચાલુ સાલે પવિત્ર રમઝાન મહિના દરમિયાન અમદાવાદ શહેરમાં આવેલી જમાતોમાં રમઝાન મહિનાની ઈબાદતો નિખાલસતાથી બજાવી લાવીને પવિત્ર રમઝાનુલ મુબારક મહિનાને અલવિદા કહીને શવ્વાલ મહિનાની પહેલી તારીખે ઈદુલ ફિત્ર (રમઝાન ઈદ)નો તહેવાર ઘણી ખુશીઓ સાથે મનાવ્યો. દર વર્ષની જેમ આ સાલે પણ ઈદની નમાઝ પીર મશાયખ બાવા(રહે.)ના રોઝાના કમ્પાઉન્ડમાં આવેલ ઈદગાહ અને સરખેજ જમાતના ઈમામવાડામાં અદા કરવામાં આવી. ઈદની નમાઝ બાદ મોમિન ભાઈઓ એકબીજાને ઘણા હેતથી મળીને ઈદની મુબારકબાદી પાઠવતાં નજરે પડતા હતા. ઈદ મિલન પત્યા બાદ પોતપોતાના વિસ્તારમાં કેટલાક મોમિન ભાઈઓ તરફથી જમણવાર રાખવામાં આવ્યો હતો. હાજરીન દરેક મોમિન ભાઈ-બહેનો જમણવાર પતાવીને પોતાના ઘેર પરત ફર્યા હતા. આ વખતે શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત જુહાપુરામાં પ્રથમ વાર જ 'ઈદ મિલન' રાખવામાં આવ્યું હોવાથી આજુબાજુના ધંધાદારી તેમજ નોકરી કરતા મોમિન ભાઈઓ પણ આ સ્નેહ મિલનમાં જોડાયા હતા. હૈદરીબાગ ઈમામવાડાના કંપાઉન્ડમાં મોમિન ભાઈઓ માટે જ્યારે બહનો માટે સી બ્લોકના પાર્કિંગમાં અલાયદી વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઈદના બીજા દિવસે એટલે કે તા. ૧૦/૦૮/૨૦૧૩ના રોજ જુહાપુરા જમાઅત કેટલાક મોમિન ભાઈઓ "સરદાર સરોવર નર્મદા ડેમ"ની મુલાકાત લેવાનો "સ્વૈચ્છિક એક દિવસનો ટૂંકો પ્રવાસ" રાખેલો જેમાં જુહાપુરા જમાઅતના ઘણા સહપરિવાર મોમિન ભાઈ બહેનો જોડાયા હતા. અંદાજે નાના મોટા ૧૩૦ જેટલી સંખ્યામાં એક દિવસના ટૂંકા પ્રવાસમાં મોમિન ભાઈ બહેનો જોડાયા હતા. તા. ૧૦/૦૮/૨૦૧૩ ના રોજ સવારે ૯–૩૦ કલાકે બે અલગ-અલગ લકઝરી બસો દ્વારા પ્રવાસની શરૂઆત થઈ હતી. આયોજક મોમિન ભાઈઓએ ચા-પાણી, નાસ્તો તેમજ જમણની સુંદર વ્યવસ્થા પૂરી પાડી હતી. જુહાપુરાના મોમિન ભાઈ બહેનો નર્મદા ડેમની મુલાકાતે પહોંચ્યા ત્યારે ત્યાં અંકલેશ્વરથી પણ મોમિન ભાઈ બહેનો પ્રવાસે આવેલા હતા. જેથી તેમની સાથે ખૂબ જ ઉત્સાહથી જુહાપુરા ભાઈ-બહેનો મળીને એકબીજાને ઈદની મુબારકબાદી પાઠવી હતી. લગભગ સાંજના ૪–૩૦ કલાકે અંકલેશ્વર જમાઅતના ભાઈઓ તરફથી ચા-પાણીની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સરદાર સરોવરની બહાર નીકળતા એકબીજા સરોવરના કાંઠે બ્રીજ ઉપર બધા મોમિન ભાઈ બહેનો રોકાઈને ચા-પાણીની મજા માણી હતી. જુહાપુરા જમાઅતની બન્ને બસો વડોદરા "આજવા ગાર્ડન"ની રાત્રે ૮–૧૫ કલાકે મુલાકાત લઈને લગભગ રાત્રે ૧–૩૦ કલાકે પોતાના અસલ નિવાસે પરત ફર્યા હતા.

**● સરખેજ જમાઅત, સાજીદપાર્ક ખાતે ઓપન ઇસ્લામી જ્ઞાનવર્ધક સ્પર્ધા યોજાઈ :**

યૌમે નજાત, ૩જી, શાબાન, તા. ૧૩/૦૬/૨૦૧૩ના રોજ રાત્રે ૮–૩૦ કલાકે શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત, સરખેજના ઈમામવાડા, મદ્રેસાએ મહેરૂલ ઉલૂમ ખાતે એક ઓપન ઈસ્લામી

જ્ઞાનવર્ધક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૨૦ સ્પર્ધકોએ લેખિત પરીક્ષામાં ભાગ લીધો હતો. જમાઅતના મુખી સાહેબ મહંમદભાઈ (સાથળવાળા)એ પણ  ખૂબ જ ઉત્સાહ બતાવીને આ ઓપન સ્પર્ધામાં ભાગ લીધો હતો. પ્રશ્નપત્રમાં કુલ ૧૦૦ ગુણના ૯ પ્રશ્નો કાઢવામાં આવ્યા હતા. આ સ્પર્ધાનું પરિણામ તા. ૨૦/૦૬/૨૦૧૩ને ગુરૂવારની મજલિસમાં જાહેર કરવામાં આવ્યું હતું. પ્રથમ ત્રણ ક્રમે આવનાર સ્પર્ધકોને મોમિન અસ્લમભાઈ (કનાઈવાળા) તરફથી અને બાકીના સ્પર્ધકોને હસનઅબ્બાસ નૂરમહંમદ (સાથળવાળા) તરફથી પ્રોસ્તાહિત ઈનામો આપવામાં આવ્યાં હતાં. પ્રથમ ત્રણ ક્રમે આવનાર સ્પર્ધકો  (૧) નુસરતફાતેમા કમરઅલી મોમિન (૨) નિસારફાતેમા ઝહીરઅબ્બાસ મોમિન અને ત્રીજા ક્રમે ચાર સ્પર્ધકો સરખા ગુણ મેળવેલા હોવાથી ચારેય સ્પર્ધકોને પરિણામના દિવસે મોલ્વી સાહેબ જનાબ ખાદિમહુસૈને મૌખિક પ્રશ્નોના પાંચ રાઉન્ડ પૂછ્યા હતા. આ રાઉન્ડના અંતે સૌથી વધુ સાચા જવાબ આપનાર મુસ્તાકઅલી ફતેહભાઈ મોમિન (બાકરોલવાળા) ત્રીજા નંબરના ઈનામના હકદાર બન્યા હતા. પ્રશ્નપત્ર હેતુલક્ષી હતું અને તેના રચયિતા મોલ્વી સાહેબ ખાદિમહુસૈન યાકુબભાઈ કનાઈવાળા અને હસનઅબ્બાસ નૂરમહંમદ હતા.


**● અભિનંદન :**

દમણ નિવાસી મો.મંજૂરઅલી અબ્દુલરહેમાન છેલ્લા ૨૫ વર્ષથી દમણ દીવ યુનિયન ટેરીટોરી, દમણ મુકામે જાહેર બાંધકામ (P.W.D.) ખાતામાં Work Division-I માં Draughtman Grad-III માં સેવા આપે છે. આપણા હાજરપીરની ભલી દુઆઓથી ગયા મહિને દમણ ગવર્મેન્ટે Draughtman Grad-II નું પ્રમોશન આપી બઢતી આપેલ છે. આ પ્રમોશન Junior Engineer તરીકે ગણાય. પ્રમોશન મળવા બદલ મો.મંજૂરઅલીને જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.



**● ઇન્નાલિલ્લાહે..:**

હરિપુરા (ઝહીરગઢ) નિવાસી **મર્હૂમ મો.અલજીભાઈ ગુલામભાઈ લોઢા** મુ.તા.૧૦, રમઝાન–૧૪૩૪, તા.૨૦–૭–૨૦૧૩ને શનિવારના રોજ ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ ઉમરા ઝિયારતથી મુશર્રફ થયા હતા. ગામમાં જ્યારે પણ જમણવાર હોય તો મર્હૂમ પોતાની સેવાઓ આપતા હતા. તેઓ સ્વભાવે હસમુખા હતા. ⟶



દમણ નિવાસી **મર્હૂમા મો.કુલસૂમબેન રમઝાનઅલી મોમિન** ૫, શવ્વાલ, તા.૧૩–૮–૨૦૧૩ને મંગળવારના રોજ ૬૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.



⟵ જેઠીપુરા નિવાસી **મર્હૂમ મો.અલીમોહંમદ નૂરમોહંમદ રેવાસીયા** મુ.તા.૨૬, રમઝાન–૧૪૩૪, તા.૫–૮–૨૦૧૩ને સોમવારના રોજ સુબ્હની નમાઝના સમયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નમ્ર, સહનશીલ હતા. તેઓ મોહંમદ વ આલે મોહંમદ (સ.)ના ચાહક અને પીરો મુરશિદના આશિક હતા.


મોલીપુર (ઝહીરપુરા) નિવાસી **મર્હૂમ મો.જલાલભાઈ સાવદીભાઈ ચંપા** મુ.તા.

૩, શવ્વાલ–૧૪૩૪, તા.૧૧–૮–૨૦૧૩ને રવિવારના રોજ ૮૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે હસમુખા અને પીરો મુરશિદના ચાહક તથા અહલેબૈત (અ.)ના મોહિબ હતા. ⟶





⟵મેતા નિવાસી **મર્હૂમા હુરીબેન હાસમભાઈ પલસાણીયા** મુ.તા. ૯, રબી.અવ્વલ–૧૪૩૪, તા.૨૨–૧–૨૦૧૩ને મંગળવારના રોજ ૧૨ વર્ષની લાંબી બીમારી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે દયાળુ અને રહમદિલ હતાં. તેઓ નમાઝનાં પાબંદ અને મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં.



અબલુવા (મુશાહિદપુરા) નિવાસી **મર્હૂમ મો.રહીમભાઈ દાઉદભાઈ ખોરજીયા** મુ.તા. ૨૩, રજબ–૧૪૩૪, તા.૩–૬–૨૦૧૩ને સોમવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ પંજેતન પાક, બાર ઈમામ અને પીરો મુરશિદના આશિક હતા. તેમને ગામ પ્રત્યે ખૂબ જ લાગણી હતી. ⟶



⟵હૈદરપુરા નિવાસી **મર્હૂમા મો.હાજીયાણી હનીફાબેન હબીબ દોસન સુણસરા** મુ.તા. ૩, રજબ–૧૪૩૪, તા.૧૪–૫–૨૦૧૩ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા આશિકે હુસૈન અને અઝાદારીમાં મોખરે રહેતાં હતાં. તેઓ ૨૦૦૭ની સાલમાં ઉમરા હજ ઝિયારતથી મુશર્રફ થયાં હતાં અને ૨૦૧૨ની સાલમાં ફરી હજ કરવા ગયાં હતાં તે સમયે હજના અરકાન બજાવી લાવ્યા બાદ માસૂમાકુમની ઝિયારત પછી ખૂબ જ બીમાર થતાં વતન પરત આવ્યાં હતાં અને થોડા મહિના બાદ તેઓ અલ્લાહની રહેમતે પહોંચ્યાં હતાં. તેઓ પંચગાના નમાઝનાં પાબંદ અને મોહંમદ વ આલે મોહંમદ (અ.)નાં મોહિબ હતાં. તેઓ દરેકથી હળીમળીને રહેતાં હતાં.



કાકોશી નિવાસી **મર્હૂમા મો. હાજીયાણી અમીનાબેન અલાઉદ્દીન ઢુકકા** મુ.તા. ૨૨, રમઝાન–૧૪૩૪, તા.૧–૮–૨૦૧૩ને ગુરૂવારના રોજ ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. તેઓ અહલેબૈત (અ.)નાં ચાહક અને નમાઝનાં પાબંદ હતાં. તેઓ સ્વભાવે નમ્ર અને હસમુખાં હતાં. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## ઝહીર હોસ્ટેલ અને ફાતેમા ગર્લ્સ હોસ્ટેલને ઈફતારી માટે મળેલ ડોનેશન

| | |
|---|---|
| રૂા.૪૦૦૦/– બંદએ ખુદા તરફથી<br>રૂા.૧૦૦૦/– મો.ઈસ્માઈલભાઈ ખરોડીયા (પીપોદર–મુંબઈ)<br>રૂા.૧૦૦૦/– મો.હૈદરઅલી ફતેભાઈ મસી (કનાઈ)<br>રૂા.૫૦૦/– મો.નૂરમોહંમદ વી. લોઢા (ઈલોલ પહાડીયા)<br>રૂા.૫૦૦/– મો.મીકદાદઅલી આઈ. ડોડીયા (ઝહીરાબાદ)<br>રૂા.૫૦૦/– મો.અબ્બાસઅલી માવા (ઝહીરાબાદ)<br>રૂા.૫૦૦/– મો.મુસ્તાકઅલી આગલોડીયા (પીંપોદર) | - મો.શબ્બીરઅલી નશીરભાઈ બલોસપુરા તથા મો.અકબરઅલી.એ. વાઘ(ઈલોલ–ઝહીરાબાદ) તરફથી જમણનું ન્યાઝ આપેલ છે.<br>- મો.અહેમદઅલી નજરઅલી ખાણશીયા, મો. તાહેરઅલી દેધરોટીયા, મો.એહસાનઅલી ઈસ્માઈલભાઈ રાજપુરા (કનાઈ) તરફથી શાહી ઈફતારી અને શાહી જમણ આપેલ છે. |

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.હાજીયાણી રસૂલબેન ખાંનજીભાઈ પટેલ (મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.મહેમૂદઅલી વલીભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.હલીમાબેન વલીભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.રહમતબેન શેરઅલી પટેલ
રૂા.૧૦૦/- મો.સાકેરાબેન મહેમૂદઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.સુગરાબેન કાસમભાઈ મસુ
રૂા.૫૦/- મો.ઝૈનબબેન ગુલામમહંમદ મસી
રૂા.૫૦/- મો.અમીનાબેન અબ્બાસભાઈ મસુ
રૂા.૫૦/- મો.ફાતમાબેન અબ્બાસભાઈ મસી
રૂા.૫૦/- મો.શહરબાનુ ગુલામમોહંમદ પટેલ
રૂા.૫૦/- મો.મન્સૂરાબેન બાકરઅલી મસી
રૂા.૫૦/- મો.નજમાબેન હસનઅલી મસી
રૂા.૫૦/- મો.હુસૈનાબેન મુર્તઝાઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.તાહેરાબેન મહંમદઅલી મસી
રૂા.૨૫/- મો.આબેદાબેન સાબિરઅલી મસુ
રૂા.૨૫/- મો.મહેમૂદાબેન ઝાકિરઅલી મસુ
રૂા.૨૫/- મો.સાકેરાબેન આબિદઅલી ડોડીયા
રૂા.૨૫/- મો.સાબેરાબેન આબિદઅલી ડોડીયા
રૂા.૨૫/- મો.નજમાબેન અબ્બાસઅલી ડોડીયા

રૂા.૧૦૦/- બંદએ ખુદા (ઈલોલ તલાવ) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.અલજીભાઈ ગુલામભાઈ લોઢા (હરિપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.ગુલામમોહંમદ અલજીભાઈ લોઢા
રૂા.૨૦૦/- મો.તાહેરઅલી અલજીભાઈ લોઢા
રૂા.૨૦૦/- મો.શબ્બીરઅલી અલજીભાઈ લોઢા
રૂા.૧૦૦/- મો.ઝહરાબેન નજરઅલી ખાણશીયા
રૂા.૧૦૦/- મો.સુગરાબેન અનવરઅલી સુરપુરા
રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન મોહંમદઅલી જેધવા
રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન નૂરઅલી બાદરપુરા
રૂા.૧૦૦/- મો.હૈદરઅલી ગુલામમોહંમદ લોઢા
રૂા.૧૦૦/- મો.અબ્બાસઅલી ગુલામમોહંમદ લોઢા
રૂા.૧૦૦/- મો.સુગરાબેન એહમદઅબ્બાસ પટેલ
રૂા.૧૦૦/- મો.સકીનાબેન એહમદઅબ્બાસ બાદરપુરા
રૂા.૧૦૦/- મો.શાકિરઅલી તાહેરઅલી લોઢા
રૂા.૧૦૦/- મો.હસનઅલી તાહેરઅલી લોઢા
રૂા.૧૦૦/- મો.સાદિકહુસૈન શબ્બીરઅલી લોઢા
રૂા.૧૦૦/- મો.સકીનાબેન શબ્બીરઅલી લોઢા
રૂા.૧૦૦/- મો.કુલસૂમફાતેમા તાહેરઅલી લોઢા
રૂા.૧૦૦/- મો.હસનઅબ્બાસ હૈદરઅલી લોઢા

રૂા.૧૦૦/- મો.અનવરઅલી મસી (બાદરપુરવાળા) તરફથી તેમના દિકરા કુરબાનહુસૈને એક મહિનાના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.અબ્બાસભાઈ જમાલભાઈ કડીવાલા (મેતા) તરફથી તેમની દીકરી મકબૂલફાતેમાએ ચાલુ સાલે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા પાસ કરી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મોહંમદઅલી સુલેમાન કડીવાલા (કાકોશીવાળા–અમદાવાદ) તરફથી તેમના દીકરા મોહંમદહસન ચાલુ સાલે એસ.એસ.સી.માં ૯૬.૪૦% સાથે પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન રોશનઅલી હોલ્ડા (ઈલોલ તલાવ) તરફથી મોહંમદ વ આલે મોહંમદની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.અઝમતફાતેમા સાબિરહુસૈન હોલ્ડા (ઈલોલ તલાવ) તરફથી કુલ્લે મોમિનનીન

વલ મોમિનાતની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.સુગરાબેન સાબિરહુસૈન હોલ્ડા (ઈલોલ તલાવ) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.), જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબા તથા જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫૦/- મો.વલીભાઈ ઈબ્રાહીમભાઈ દાંત્રોલીયા (ઈલોલ તલાવ) તરફથી ઈદના દિવસે તેમના પૌત્રના જન્મની ખુશાલી પ્રસંગે.

મો.ઈસ્માઈલહુસૈન ગુલામહુસૈન દાદાવાલા (બાદરપુર) તરફથી મળેલ ડોનેશન.

રૂા.૫૦૧/- પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૧/- જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.હબીબાબેન એહસાનઅલી મસુ (મહેરપુરા) તરફથી મર્હૂમા રસૂલબેન ખાંનજીભાઈ વિજાપુરાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો.રહમતબેન મોહંમદઅલી વિજાપુરા (જેઠીપુરા) તરફથી તેમના દીકરા મો. હસનઅલી મહંમદઅલી તથા તેમના પતિ મો. મહંમદઅલી અમદાભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.મર્હૂમા કુલસૂમબેન રમઝાનઅલી મોમિન (દમણ)ની રૂહના સવાબ અર્થે.

**મોહંમદ સલમાન (કનાઈ)ના જન્મની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.ઈર્શાદઅલી શેરઅલી કોવડીયા
રૂા.૫૦/- મો.તન્વીરફાતેમા ઈર્શાદઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.યૂસુફભાઈ અમદાભાઈ કોવડીયા
રૂા.૫૦/- મો.અલીમબેન યૂસુફભાઈ કોવડીયા
રૂા.૧૦૦/- મો.શેરઅલી યૂસુફભાઈ કોવડીયા
રૂા.૫૦/- મો.ઝોહરાબેન શેરઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.રહમતફાતેમા શેરઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.ઈન્તેખાબઅલી ગુલામભાઈ ખાણુશીયા
રૂા.૫૦/- મો.તાહેરાબેન ઈન્તેખાબઅલી ખાણુશીયા
રૂા.૫૦/- મો.સિરાઝએહમદ ઈબ્રાહીમભાઈ દેધરોટીયા

**મર્હૂમ મો.અલીમોહંમદ નૂરમોહંમદ રેવાસીયા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૫૦/- મો.ગુલામમોહંમદ અલીમોહંમદ રેવાસીયા
રૂા.૨૫૦/- મો.કાસમઅલી અલીમોહંમદ રેવાસીયા
રૂા.૧૦૦/- મો.અકબરઅલી વજીરભાઈ ખાણુશીયા
રૂા.૧૦૦/- મો.ફઝલેમોહંમદ ઈબ્રાહીમભાઈ માણસીયા
રૂા.૧૦૦/- મો.ગુલામમોહંમદ પીરમોહંમદ રેવાસીયા

**મોલીપુર નિવાસી મર્હૂમ મો.જલાલભાઈ સાવદીભાઈ ચંપાની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/-મો.ગુલામહુસૈનજલાલભાઈચંપાનાપરિવારતરફથી
રૂા.૧૦૧/- મો.મહંમદઅલી જલાલભાઈ ચંપાના પરિવાર તરફથી
રૂા.૧૦૧/- મો.ગુલામમોહંમદ જલાલભાઈ ચંપાના પરિવાર તરફથી
રૂા.૧૦૧/- મો.કુલસૂમબેન ગુલામહુસૈન બળ્યા
રૂા.૧૦૧/- મો.સકીનાબેન કરીમદભાઈ ભોરણીયા
રૂા.૧૦૧/- મો.ઝહેરાબેન ઈસુબભાઈ ચંપા
રૂા.૧૦૧/- મો.રસૂલભાઈ સાવદીભાઈ ચંપા
રૂા.૫૧/- મો.સલમાનભાઈ વલીભાઈ ચંપા
રૂા.૬૧/- મો.અમીનાબેન રહીમભાઈ માંકણોસીયા
રૂા.૫૧/- મો.રહીમભાઈ સાવદીભાઈ ચંપા
રૂા.૫૧/- મો.કુલસૂમબેન રહીમભાઈ ચંપા
રૂા.૨૫/- મો.ઈમદાદઅલી રહીમભાઈ ચંપા
રૂા.૨૫/- મો.શાકેરાબેન ઈમદાદઅલી ચંપા
રૂા.૧૫/- મો.શાહિદઅલી ઈમદાદઅલી ચંપા

રૂા.૨૫/- મો.એહસાનઅલી રહીમભાઈ ચંપા
રૂા.૨૫/- મો.સકીનાબેન એહસાનઅલી ચંપા
રૂા.૧૫/- મો.રહીમાફાતેમા એહસાનઅલી ચંપા

રૂા.૧૦૦/- મો.રઝાહુસૈન મોહંમદહુસૈન તરફથી તેમની દીકરી સાહેરાફાતેમા ધો.૧૨ કોમર્સમાં ૬૬ ટકા તથા મહેંદીઅલી ધો.૮માં ૯૦ ટકા મેળવી પાસ થયો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫/- મો.નજરબાનુ શેરઅલી (વસો) તરફથી તેમના પિતાશ્રી હાજી ગુલામનબીની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.નજરબાનુ શેરઅલી (વસો) તરફથી તેમના સાસુ રસૂલબેનની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.શેરઅલી ગુલામહુસૈન ભગત (વસો) તરફથી તેમના પિતાશ્રી ગુલામહુસૈન ભગતની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.શેરઅલી ગુલામહુસૈન ભગત (વસો) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.યમાનઅલી મોહંમદઅલી (વસો) તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦/- મો.હાજરાબેન ગુલામહસન તરફથી તેમના શૌહરની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.હુરીબેન હાસમભાઈ પલસાણીયા (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.મોહંમદઅલી હાસમભાઈ પલસાણીયા
રૂા.૫૧/- મો.રૂકૈયા મોહંમદઅલી પલસાણીયા
રૂા.૨૫/- મો.અહમદઅબ્બાસ મોહંમદઅલી પલસાણીયા
રૂા.૨૫/- મો.આબેદાબેન મોહંમદઅલી પલસાણીયા
રૂા.૫૧/- મો.અલીહુસૈન હબીબભાઈ પલસાણીયા
રૂા.૫૧/- મો.ફાતમાબેન અલીહુસૈન પલસાણીયા
રૂા.૫૧/- મો.મહેમૂદાબેન સલમાનઅલી અસામદી
રૂા.૫૧/- મો.અખ્લાકએહમદ અલીહુસૈન પલસાણીયા
રૂા.૨૫/- મો.મેંહદીહસન અલીહુસૈન પલસાણીયા
રૂા.૨૫/- મો.હબીબભાઈ નૂરમદ પલસાણીયા
રૂા.૨૫/- મો.અમીનાબેન હબીબ નૂરમદ પલસાણીયા
રૂા.૫૧/- મો.કુલસૂમબેન વલ્લી સુણસરા
રૂા.૫૧/- મો.વલ્લીભાઈ રસૂલ સુણસરા
રૂા.૫૧/- મો.મકબૂલફાતેમા વલ્લી સુણસરા
રૂા.૫૧/- મો.અહમદઅલી વલ્લી સુણસરા
રૂા.૫૧/- મો.બાકરઅલી વલ્લી સુણસરા
રૂા.૫૧/- મો.રૂકૈયા ગુલામ સુણસરા
રૂા.૫૧/- મો.ગુલામ તાજુ સુણસરા
રૂા.૫૧/- મો.કુલસૂમ સફદરઅલી પલસાણીયા
રૂા.૫૧/- મો.સાબેરાબેન આબિદહુસૈન સુણસરા
રૂા.૫૧/- મો.હસનઅબ્બાસ ગુલામ સુણસરા
રૂા.૫૧/- મો.હુસૈનાબેન અબ્બાસ દાઉવા
રૂા.૫૧/- મો.અબ્બાસ અલીમદ દાઉવા
રૂા.૫૧/- મો.હૈદરઅલી અબ્બાસ દાઉવા
રૂા.૫૧/- મો.હૈદર ગુલામ તાજુ સુણસરા
રૂા.૫૧/- મો.અબ્બાસ યૂસુફ સુણસરા

રૂા.૧૦૦/- મો.હસનઅલી ગુલામહુસૈન સાલેહ (પીરોજપુરા) તરફથી તેઓ ૧૧–કોમર્સમાં ૯૦.૩૩ ટકા મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૫/- મો.મર્હૂમ રહીમભાઈ દાઉદભાઈ ખોરજીયા (અબલુવા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૧/- મો.મર્હૂમા હાજીયાણી હનીફાબેન હબીબ દોસન સુણસરા (હૈદરપુરા)ની રૂહને સવાબે ઝારીયા મળે તે અર્થે.

રૂા.૧૦૦/- મો.સાજેદાફાતેમા મુમ્તાઝહૈદર (કઠોર) તરફથી માહે રમઝાનુલ મુબારકનો એક રોઝો

રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.ગુલામહૈદર અલાઉદ્દીન ઢુક્કા તથા મો.શબ્બીરઅલી અલાઉદ્દીન ઢુક્કા તેમજ તેમના પરિવારજનો (કાકોશી) તરફથી મર્હૂમા અમીનાબેન અલાઉદ્દીન ઢુક્કાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.સાબેરાફાતેમા ઈસ્માઈલભાઈ મસી (મહેરપુરા) તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના બે રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.જાફરહુસૈન અકબરઅલી કડીવાલા તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના બે રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મુનિરાફાતેમા હસનઅલી ડોડીયા (મહેરપુરા) તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના ૨૯ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.હૈદરઅલી અબ્બાસઅલી ખરોડીયા (પીંપોદર–પુના) તરફથી ઉમરા હજ કરીને પરત આવ્યા તથા તેમના નાના ભાઈ B.E. I.T.માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૩૦/- મોલ્વી ગુલામઅબ્બાસ લકીવાલા (ધોળકા) તરફથી તેમના પૌત્રોએ માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

## એસ.એસ.સી.




મોહંમદહસન મોહંમદઅલી કડીવાલા (કાકોશી)
P.R. 96.40



સુણસરા સુગરાફાતેમા અકબરઅલી (વાઘરોલ)
P.R. 94.28



જાફરઅલી રોશનઅલી ભોવણીયા (ઈલોલ પ.)
P.R. 94.13



અકબરઅલી સફદરઅલી અધારીયા (શેરપુરા)
91.40%



મોહસિનઅલી અબ્બાસઅલી ખરોડીયા (પીંપોદર)
P.R. 88.30


## એચ.એસ.સી.



શબાના હનીફભાઈ ઢુક્કા (વાઘરોલ)
P.R. 89.15



મકબૂલફાતેમા અકરમઅલી પલસાણીયા
P.R. 78.07



મકબૂલફાતેમા અબ્બાસભાઈ કડીવાલા (મેંતા)
P.R. 40.92

## અન્ય લાયકાત →



અબ્બાસઅલી સલીમ મોમિન
International General Certificate in In heath & Safety



અકબરઅલી અબ્બાસઅલી ખરોડીયા (પીંપોદર)
B.E. I.T. (College Topper)



મકબૂલફાતેમા ઈસ્માઈલભાઈ સુથાર
M.Com. IV



અઝમતફાતેમા શબ્બીરભાઈ સુણસરા (ખડીયાસણા)
M.A. 61.50%



કનીઝફાતેમા ઈસ્માઈલભાઈ કડીવાલા (ખડીયાસણા)
M.A. 57.37%



હસનઅલી ગુલામહુસૈન સાલેહ (પીરોજપુરા)
11 Com. 90.33%

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે સપ્ટેમ્બર–૨૦૧૩ થી તા. ૧૫, માહે ઓક્ટોબર–૨૦૧૩ મુ.તા. ૯, ઝિલકાદ–૧૪૩૪ થી મુ.તા. ૯, ઝિલહજ–૧૪૩૪ |
|---|---|---|---|
| સપ્ટે. | ઝિલકાદ | – | |
| 18 | ૧૧ | બુધ | **વિલાદત : ઈમામ અલી રઝા (અ.)** |
| 22 | ૧૫ | રવિ | વફાત : પીર સૈયદ અબ્દુલ મજીદ (રહે.) |
| ઓક્ટો. | | | |
| 2 | ૨૫ | બુધ | હજ્જતુલ વિદાઅ ❋ ગાંધી જયંતિ |
| 5 | ૨૮ | શનિ | **ઉર્સ : પીર સૈયદ એહમદહુસૈન બાવા (રહે.), મેતા** |
| 6 | ૨૯ | રવિ | શહાદત : હઝરત ઈમામ મોહંમદ તકી (અ.) |
| 8 | ઝિલહજ-૨ | મંગળ | વીંછુડો બેસે : સવારે ૭–૪૧ |
| 9 | ૩ | બુધ | **વિલાદત : જનાબા સૈયદા ઈતરત ફાતેમા બેગમ સાહેબા વીંછુડો** |
| 10 | ૪ | ગુરૂ | વીંછુડો ઉતરે : સવારે ૧૦–૪૪ |
| 13 | ૭ | રવિ | શહાદત : હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) ❋ દશેરા |
| 14 | ૮ | સોમ | યૌમે તરવીયા |
| 15 | ૯ | મંગળ | શહાદત : હઝરત મુસ્લિમ બિન અકીલ (અ.) ❋ અરફાનો દિવસ |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

# લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી
દાવડા (કાટવાડ)

(૧) અબ્રહાએ કયા શહેરમાં ગિરજાઘર બનાવ્યું હતું ?

(૨) શોએબ (અ.)એ પોતાની દીકરીની શાદી મૂસા (અ.) સાથે કરવા માટે કઈ શરત મૂકી હતી ?

(૩) રોઝાદારની ઊંઘ શાનો દરજ્જો ધરાવે છે ?

(૪) શદ્દાદે બનાવેલી જૂઠ્ઠી જન્નત કયા નામથી ઓળખાય છે ?

(૫) અમ્ર બિન અબ્દેવદને મૌલા અલી (અ.)એ મુકાબલા માટે છેલ્લો કયો ઉપાય બતાવ્યો હતો ?

(૬) રસૂલિલ્લાહ (સ.)એ મુબાહિલામાં પોતાના ફરઝંદો તરીકે કોને પ્રસ્તુત કર્યા હતા ?

(૭) અબ્રહાના લશ્કરનો મુકાબલો અલ્લાહે કોના દ્વારા કર્યો ?

(૮) માણસ પોતે લખેલી વસિયતમાં કયા સમય સુધી ફેરફાર કરી શકે છે !

(૯) 'દુર્રે યતીમ' કોનો ઈલ્કાબ છે ?

(૧૦) 'પૂછો એ પહેલાં કે મને ન પામો', આવો દાવો કોણે કર્યો હતો ?